


પુસ્તક ૨ જું.] કાર્તિક : વીર સંવત ૨૪૬૮ [ અંક ૧



શ્રીમદ્ પન્યાસરત્ન વિજયજી મહારાજ.

તંત્રી :
લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

પ્રકાશક
ભોગીલાલ સાંકળચંદ શેઠ.

## પંચાંગ.

સુદિ ૬ ક્ષય
વદિ ૧ બે
વદિ ૧૩ ક્ષય

| તિથી | વાર | તારીખ |
|---|---|---|
| સુ૧ | મંગળ | ૨૧ |
| ૨ | બુધ | ૨૨ |
| ૩ | ગુરૂ | ૨૩ |
| ૪ | શુક્ર | ૨૪ |
| ૫ | શનિ | ૨૫ |
| ૭ | રવિ | ૨૬ |
| ૮ | સોમ | ૨૭ |
| ૯ | મંગળ | ૨૮ |
| ૧૦ | બુધ | ૨૯ |
| ૧૧ | ગુરૂ | ૩૦ |
| ૧૨ | શુક્ર | ૩૧ |
| ૧૩ | શનિ | ×૧ |
| ૧૪ | રવિ | ૨ |
| ૧૫ | સોમ | ૩ |
| વ૧ | મંગળ | ૪ |
| ૧ | બુધ | ૫ |
| ૨ | ગુરૂ | ૬ |
| ૩ | શુક્ર | ૭ |
| ૪ | શનિ | ૮ |
| ૫ | રવિ | ૯ |
| ૬ | સોમ | ૧૦ |
| ૭ | મંગળ | ૧૧ |
| ૮ | બુધ | ૧૨ |
| ૯ | ગુરૂ | ૧૩ |
| ૧૦ | શુક્ર | ૧૪ |
| ૧૧ | શનિ | ૧૫ |
| ૧૨ | રવિ | ૧૬ |
| ૧૪ | સોમ | ૧૭ |
| ૦)) | મંગળ | ૧૮ |

×નવેમ્બર ૩૦

## વાર્ષિક લવાજમ.] વિષય-દર્શન. [રૂપિયા, બે.

## કાર્તિક, વિ. સં. ૧૯૯૮.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| " દીપોત્સવી "... | મુનિશ્રી હેમેન્દ્રસાગરજી. | ૧ |
| " બીજા જન્મદિને..." | તંત્રીસ્થાનેથી | ૨ |
| " નિર્વાણના બ્હાણે..." | ઉપાધ્યાયશ્રી સિદ્ધિમુનિજી. | ૪ |
| " દીપોત્સવી-પર્વ " | મુનિશ્રી હેમેન્દ્રસાગરજી. | ૫ |
| **श्री आदिनाथ चरित्र पद्य.** | **जैनाचार्यश्रीजयसिंहसूरिजी** | ૭ |
| **शास्त्रसम्मत मानवधर्म और मूर्तिपूजा.** | **पूज्य मु. श्री प्रमादविजयजी.** | ૮ |
| **श्री शीलकुलकम्** | **जैनाचार्यश्रीविजयपद्मसूरिजी.** | ૯ |
| " શિયળની સજ્ઝાય..." | મુનિશ્રી યશોભદ્રવિજયજી. | ૧૦ |
| " શ્રીસિદ્ધચક્રની તાત્ત્વિક ભાવના. " | જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી. | ૧૧ |
| જૈનધર્મને કલ્પવૃક્ષની ઉપમા. | મુનિશ્રી સુશીલવિજયજી. | ૧૪ |
| ધર્મ્ય વિચાર. | ઉપાધ્યાય શ્રીસિદ્ધિમુનિજી. | ૧૫ |
| **मोक्षपाने के उपाय** | **मुनिश्री भद्रानंदविजयजी.** | ૧૬ |
| " મૂર્તિપૂજાના વિરોધમાં " | મુનિશ્રી ન્યાયવિજયજી. | ૧૭ |
| " મંદાક્રાંન્તા..." | મુનિશ્રી વિનયવિજયજી. | ૨૦ |
| સેવાધર્મનું સત્ય સ્વરૂપ | મુનિશ્રી પ્રેમવિમળજી. | ૨૧ |
| શ્રી પાર્શ્વનાથ અષ્ટોતર | દુલભજી ગુલાબચંદ મહેતા, | ૨૩ |
| સંસારચિતાર અને મુકિતના સુખ | મુનિ રામવિજયજી. | ૨૫ |
| અર્હત દર્શન અને ઇશ્વર | મણીશંકર કાળીદાસ વૈદ્યશાસ્ત્રી | ૨૬ |
| રાધનપુરની વરખડીની પ્રાચીનતા. | લક્ષ્મીચંદ પ્રેમચંદ. | ૨૮ |
| "મનસાગરનાં મોજાં"... | બાપુલાલ કાળીદાસ સંઘાણી. | ૨૯ |
| **सानुवाद जीवविचार प्रकरणम्** | **मुनिश्री दक्षविजयजी.** | ૩૧ |
| **जैन साहित्यमें ग्वालियर** | **मुनि श्री कान्तिसागरजी.** | ૩૩ |
| **जैन समाजकी स्थिति और कर्तव्य** | **आर्य जैन मुनि सुखलाल.** | ૩૪ |
| "પ્રશ્નોત્તર..." | ઝવેરચંદ છગનલાલ સુરવાડાવાળા. | ૩૫ |
| "ગ્રંથાવળીની યોજના"... | "તંત્રી" | ૩૭ |


સુદિ ૧, મંગળ વિક્રમ સં. ૧૯૯૮, નૂતન વર્ષારંભ, વીર સં. ૨૪૬૮. શ્રી ગૌતમસ્વામી કેવળજ્ઞાન.
સુદિ ૩, ગુરૂ શ્રી સુવિધિનાથ કેવલ દિન.
સુદિ ૫ શનિ, જ્ઞાનપંચમી.
સુદિ ૭, રવિ, ચોમાસી અઠ્ઠાઇ પ્રારંભ દિન
સુદિ ૧૧ ગુરૂ, પં. સૌભાગ્યવિજયજી. મ. નિર્વાણદિન
સુદિ ૧૨ શુક્ર, શ્રી અરનાથ કેવળ દિન
સુદિ ૧૪ રવિ, ચૌમાસી ચૌદશ.
સુદિ ૧૫ સોમ, કાર્તિક પુનમ. સિદ્ધાચલ પટ્યાત્રા, શ્રી હેમચંદ્રાચાર્ય જયંતી.
વદિ ૨ ગુરૂ, રોહિણી દિન.
વદિ ૫ રવિ. શ્રી સુવિધિનાથ જન્મદિન.
વદિ ૬ સોમ, શ્રી સુવિધિનાથ દીક્ષાદિન.
વદિ ૧૦ શુક્ર, શ્રીમહાવીરસ્વામી દીક્ષાદિન.
વદિ ૧૧ શનિ, શ્રી પદ્મપ્રભુ મોક્ષદિન.

દ્વારાઃ-વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અમદાવાદ.

# જૈનધર્મવિકાસ.

પુસ્તક ૨ જું. કાર્તિક, સં. ૧૯૯૮. અંક ૧ લો.

## દીપોત્સવી.

(રાગ–આતો લાખેણી લજ્જા કહેવાય)

જ્ઞાનદીપકથી હૈયું અજવાળ, આવી દિવાળી
વીર–સ્મરણે અંધારૂં તુજ ટાળ, આવી દિવાળી—એ ટેક.

દેવ માનવ ભાવે જેના ચરણે નમે
એવા મહાવીર પ્રભુ કોન ના ગમે?
તેનાં સ્મરણે કર્મો તારાં બાળ, આવી દિવાળી—૧ જ્ઞાન૦

પ્રતિગૃહે દીપકકેરી જ્યોતિ જલે
દિવ્યનાદો રૂડા સર્વસ્થાને મળે
દીપે દીપે મહાવીર ભાળ; આવી દિવાળી—૨ જ્ઞાન૦

પાવાપુરી દીપોત્સવને હૈયે સ્મરો,
જ્ઞાનીગૌતમની લબ્ધિ ભવિ! સૌ વરો,
વીરકેરી આજ્ઞાઓને પાળ, આવી દિવાળી—૩ જ્ઞાન૦

દેવ સ્વર્ગે દીપોત્સવ, હોંસે ઉજવે,
વીરા–ગીતો ભૂમિપર માનવ ગજવે,
પ્રભુમહાવીરમાં વૃત્તિ વાળ, આવી દિવાળી—૪ જ્ઞાન૦

બુદ્ધિ ચોજો અજિતપદ લેવા વીરે,
ગાજે ચોરાશીના ગૂઢ ફેરા શિરે,
મુનિ હેમેન્દ્ર જીવન ઉજાળ, આવી દિવાળી—૫ જ્ઞાન૦

રચયિતા મુનિશ્રી હેમેન્દ્રસાગ

# બીજા જન્મદિને.

## તંત્રી સ્થાનેથી

મહાવીર દેવના શાસન કાળની પચીશમી સદીના ઉતરાર્ધમાં એટલે આ ૨૪૬૮ના નુતન વર્ષે અમારી ટચુકડી બાળ પગલી બીજુ કદમ ઉપાડે છે. આશાન્વિત છીએ કે કુદરત મૈયાએ કદમને ધરતીએ પહોંચવા દઈ ત્રીજુ કદમ ભરવાની હિંમત, તંદુરસ્તી અને જીવનકલા અર્પે. વાંચકો, લેખકો, અને ગ્રાહકો અમારીએ શુભ પ્રાર્થનામાં સુર પુરવજો.

મુશ્કેલીઓની કારમી ભેખડોને જોતાં છતાં અમે સાહસ કરીને પહેલી બાળ પગલી ભરી હતી. આજે એ પહેલું પગલું પુરૂં થયું છે. તે પુરતો સફળતાનો શાંતિશ્વાસ લઈ શકીએ કે કેમ, તેનો ફેંસલો અમે આપીએ એ કરતાં સમાજના વાંચકો અને વિચારકો રજુ કરે એજ વધુ યોગ્ય ગણાય. એમની એ આલોચના અમારા આગે કદમની દિવા-દાંડી બનશે. આજે બીજુ કદમ ભરતી વેળાએ મુશ્કેલીઓના પહાડને પહાડ ખડકાતા નજરે નીરખીએ છીએ, અને તેય હરપળે વિસ્તૃત બનતા. વધુમાં પત્રકારિત્વના અલ્પ અનુભવની ભીંસ ગાવા બેસવાનો કસો અર્થ નથી. એકલ હાથે સાગર ખેડવો રહ્યો છે. હિતચિંતકો અમને બનતી ત્રિવિધ સહાય અર્પજો.

આ પ્રસંગે ગત વર્ષના સ્મરણ ઉભરે એ અસહજ નથીજ. ઇ. સ. ૧૯૩૯ થી પશ્ચિમની બાંધવ પ્રજાઓમાં પરસ્પર શરૂ થયેલો માનવ સંહાર લોહી, આંસુ, પાયમાલી, નિરાશા, નિરધારિતા અને સંસ્કૃતિનો ભંગાર સર્જતો એશિયાના દ્વારે ધસ્યો આવે છે. નાની અને મોટી, કાલીને ગૌરી સ્વતંત્ર અને ગુલામ પ્રજાઓ શાહિવાદ અને લોકશાશન આદિવાદો, સૌએ ઘંટીનાં પડો વચ્ચે ઓરાતાં જાય છે. કોણ જાણે આવતી કાલ કેવી હશે? પરંતુ આટલું તો દિવા જેવુ દેખાઈ આવ્યુ છે કે આ માનવ ભક્ષી વિગ્રહે એ પદડો ચીરી રંગતભીના નાચ નગ્ન સ્વરૂપે બતાવી આપ્યા છે. સૌ સ્તબ્ધ બની ઉભા છે. પ્રભુ એ સર્વને સદ્બુદ્ધિ આપવાનો સમય હવે ખુટી પરવાર્યો છે. આજે અહીં સદ્ભાવનાઓ વાંઝણી બની છે ઇશ્વિરે પોતાના સહધર્મીઓને પ્રેરવાની ઘડી આજે આવી પહોંચી છે, આવી વિનાશ વેળાએ એક માત્ર પીડિતનો આશા સૂર્ય સમો, ભારત વર્ષ અને સારાયે વિશ્વ કલ્યાણની દષ્ટિએ પુ. બાપુજીનો પુરૂષાર્થ દીપ જલી રહ્યો છે, પ્રભો! એ પુરૂષાર્થી અને પુરૂષાર્થ ને જીવન અર્પજો!

જૈન સમાજની તવારીખમા આજે અંધારી રાત પ્રવર્તે છે. એના પૃષ્ટોને તો અફસોસ સાથે "હાય કથાઓ કાળી" શબ્દો ઉચ્ચારી સંકેલી લેવુ ઘટે છે. તિથિ પ્રકરણ અને નવાંગી પૂજાએ સમાજમાં ક્ષોભ ઉત્પન્ન કર્યો છે. અમારા પત્ર સંચાલન ઉપર પક્ષીય તરીકેનું આવરણ હોય તો તે ઉતારીને તટસ્થ તરીકે પુકારીએ છીએ કે કાંતો આ રોજના કલહો, આ નવા નવા ફણગા સમાજના અંકોડે અંકોડા જુદા કરે છે. પ્રતાપી પૂર્વજોએ ઉંડા ખોદેલા પ્રભુ મહાવીર દેવના શાસન સિંહાસનના પાયા ખોદી રહ્યા છીએ. અને

કાંતો આપણા વિધ્વંસની ભેટ લાવતી ક્રાંતિને સાદ પાડી રહ્યા છીએ. વીરશાસનની પુનિત જ્યોત અખંડિત રહો. છો આપણે ભસ્મીભૂત બનીએ.

સમાજમાં આજે નિર્નાયકતા પ્રવર્તે છે. નાના સમૂહમાંયે કલહના વર્તુલ ઉપડી રહ્યાં છે. સ્પષ્ટ સત્ય સ્વીકારવાનું સમાજમાં કૌવત રહ્યું નથી, તે ચર્ચાસ્પદ પ્રશ્નને એકી અવાજે કેમ ગ્રહી શકશે? આવા સમાજમાં ચર્ચા સ્પદ પ્રશ્નો નવા પક્ષોં, નવા અંતર જન્માવશે. અમે સંપૂર્ણ માનભેર સમગ્ર સમાજની એક એક વ્યક્તિને આ વસ્તુ સ્થિતિનો વિચાર કરવા આગ્રહ કરીએ છીએ.

વીત્યા વર્ષે માસિકમાં શક્ય તેટલું શિષ્ટ અને સારૂ સાહિત્ય રેયલ આઠ પેજી સાડીછેતાલીસ ફરમામાં પીરસવા પ્રયત્ન થયો છે. ઉપરાંત ચાર પુસ્તકો માત્ર રૂપીઆ બેના મૂલ્યમાં અપાયેલ છે. વિદ્વાન મુનિરાજો અને લેખકોનો ઠીક ઠીક સાથ અમને પ્રાપ્ત થયો છે. છતાં આટલાથી અમને સંતોષ નથી. આ વર્ષે વધુ વિદ્વાન મુનિરાજો અને લેખકોનો સહકાર પ્રાપ્ત કરવા ભાવના સેવીએ છીએ. અમે અહીં જાહેર રીતે વિદ્વાન લેખકગણને પોતાનું સાહિત્ય અમારા માસિકદ્વારા જનતા સમક્ષ રજુ કરવા માનભેર આમંત્રણ પાઠવીએ છીએ.

આજે કાગળ અને પ્રીન્ટીંગમાં ઉપયોગી એવી ચીજોના ભાવ અનેક ગણા વધી ગયા છે. મોટી અગત્યની વસ્તુ કાગળના ભાવ ત્રણ ગણા ઉપરાંત વધવા સાથે મળવાની અછત દેખાવા લાગી છે. છતા આ વર્ષે કશું લવાજમ ન વધારવાનો અમે નિશ્ચય કર્યો છે. ભાવના તો છે માસિકનું સાપ્તાહિક સ્વરૂપે પરિવર્તન કરવાની અને તે અંગે પાછળના પૃષ્ઠો પર ગ્રંથાવળીની યોજના રજુ કરવામાં આવી છે. તે પર માસિકના ગ્રાહકો વિચાર કરી યોગ્ય પ્રોત્સાહન આપશે, તો અન્ય પૂર્વ તૈયારીએ સંપૂર્ણ થયે. ચાલુ વર્ષેજ સમાજની સેવા બજાવતું એક અઠવાડિક પત્ર રજુ કરવા ધારીએ છીએ. વાંચકો ગ્રાહક બનીને, સહાયકો પેટ્રન, સંસ્થા પર્યંતના લાઈફમેમ્બર, આજીવન સભ્ય આદિ બની આર્થિક સહાય કરીને, લેખકો શિષ્ટ સાહિત્ય પુરૂ પાડીને, મુનિરાજો ઉત્તેજન આપીને અમારા પગમાં જોર ભરજો, એ વિનવણી છે.

બાકી તો અમનેય અમુક મર્યાદાએ છે. એ આંકણીમાં રહીને અમારે કામ કરવાનું છે. અપૂર્ણતામાંથી વિશાળ સાગરમાં મહાલવા સદાય ઝંખતા આજે તો અહીં વીરમીએ છીએ.

અંતમાં ભગવાન મહાવીરદેવને નિર્મળ ભાવે પ્રાર્થીએ છીએ.

દિપોત્સવીના દિવ્ય ભાને, ભવ્ય અર્પું અંજલી<br>
ભવ્યતાને ભરી જીવને, નાજુક બજવું ખંજરી.

# નિર્વાણના વ્હાણે.

રચયિતા—ઉપાધ્યાય શ્રી સિદ્ધિમુનિજી.

(તમે ઊભા રહોને અલબેલડાજો, એ ગરબાની દેશી)

ભારે વ્યાપ્યું અંધાર અહિં લોકમાં જો;
આજે આખું શાસન પડયું શોકમાં જો,
મુકી ભારત મ્હાવીર ચાલ્યો ગયો જો. મુકી૦ ૧

ગયો આથમી આજ રવિ-રાજીયો જો;
રાજી થતાં ઘુવડ મિથ્યાત્વીઓ જો, મુકી૦ ૨

ખીલી હતી દયાની અહિં વેલડી જો;
પણુ હોમે કરી એ કરમી પડી જો; મુકી૦ ૩

સીંચી બોધ-સુધાએ જિનચંદ લાજો;
ફરી ફુલી ફલી સુખ કંદલા જો; મુકી૦ ૪

લાખો ગુણુ-રતનં રતનાગરો જો;
ધણી ગંભીરતાનો એ આગરો જો, મુકી૦ ૫

સહુ દર્શન-સરિત જઈ ત્યાં ભળે જો;
તસ અંશ પુરો ન તેમાં મળે જો, મુકી૦ ૬

મેરૂ જેવો અડગ રહી સ્થાનમાં જો;
કોઇ કાળે ડગ્યો નહિ ધ્યાનમાં જો; મુકી૦ ૭

કર્યો મેઘને સ્થિર પરમારથી જો;
જગે મોટો ધરમનો સારથી જો, મુકી૦ ૮

સિંહ જીવ હાલિ કને દેખતા જો,
બોધ દેવા ગૌતમને ભેજતા જો, મુકી૦ ૯

એનાં વૈર હૈયે નહિ વિસરે જો,
દીધી બોધ તોપણુ પરમેશ્વરે જો; મુકી૦ ૧૦

રાજ રંક બેઉને સરખા ગણ્યા જો;
નીચ ઉંચના ભેદ તે ના ભણ્યા જો; મુકી૦ ૧૧

ગણી નારીને મોક્ષ અધિકારિણી જો;
એની સમતા જગત દુખ દારિણી જો; મુકી૦ ૧૨
ધર્યો રાગ ન, પણ કર્યા રાગીયા જો,
ગુરૂ ગૌતમ જેવા વડભાગીયા જો, મુકી૦ ૧૩
તેનાં કારજ સ્હેજ સહુ સીધલાં જો,
કેવલજ્ઞાન ઘડીક માંહિ દીધલાં જો, મુકી૦ ૧૪
એનો ઉપકાર જઈએ શું શોધવા જો;
દોડ્યો કેક જનોને પ્રતિબોધવા જો મુકી૦ ૧૫
ભવ તાપ તપ્યાંને શરણું મળ્યું જો;
સિદ્ધિ સુખ શીળું એ શરણે વર્યું જો મુકી૦ ૧૬

---

# દીપોત્સવી—પર્વ.

લેખકઃ—**મુની હેમેન્દ્રસાગરજી.**

કાર્તિકની અમાવશ્યા એટલે દીપાવલી મહોત્સવ, દીપકોની જ્યોત ગૃહે ગૃહે ઝગમગે છે. છતાં એ જ્યોતમાં કંઇક તો રહસ્ય હોયજ ને? અને રહસ્ય પાછળ દીપાવલીનું મહાત્મ્ય પણ રચાયેલું છે.

અઢી હજાર વર્ષો પૂર્વેનો એ પવિત્ર ઇતિહાસ. ભવ્ય ભારતના પ્રાંગણે તપસ્વી-દિવ્યજ્ઞાની તીર્થંકર દેવ મહાવીર પ્રભુ પવિત્ર પગલીઓ પાડતા હતા. અહિંસા અને સમતા ભાવના એ સાચા પ્રચારક. અનેક મુમુક્ષુઓને વિરતિ –દીક્ષા આપનાર, મોક્ષ મહેલમાં મોકલનાર, રાજા મહારાજાઓ શ્રીમંતો અને ગરીબો સર્વમાં ધર્મ ભાવના રેડનાર એ ચરમ જિનેશ્વર.

પશુઓ પક્ષીઓને આ જન્મ વિરોધ ભાવને છોડી અન્યોન્ય સમતા ભાવથી જોવાનો ઉપદેશ દેનાર સાચા ઉપદેશક. પરસ્પરને આત્મભાવથી નિહાળતું ભારત એ સમયે સ્વર્ગીયભાવની પરાકાષ્ટાએ હતું.

મહાપુરૂષો તો શ્રેષ્ઠ ધર્મ ભાવના સર અવતરે છે.

ત્રીસ વર્ષ ગૃહસ્થજીવનમાં ગાળ્યાં, સાડાબાર વર્ષ એક પખવાડીયું સંયમ મય મૌન સેવી કઠિન તપશ્ચર્યા સેવી, પછી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, એમ બહોતેર વર્ષનું આયુ પૂર્ણ કરી નિર્વાણ પંથે સિદ્ધાવ્યા.

અપાપા (પાવા) નગરી ખરેખર પાપ રહિત જ હતી. હસ્તિપાલ ભૂપાલ ધર્મ ભાવના સાચા ઉપાસક–રક્ષક સમાન હતો. પ્રભુનું અંતિમ ચાતુર્માસનો લાભ આપવા નગરીના ભાગ્યશાળી લોક અને ભાગ્યશાળી ભૂપાલના સદ્ભાગ્યે

લખાયેલો કોઈ મિથ્યા કરે તેમ નહતું. હસ્તિપાલ નૃપની વિનંતી માન્ય રાખી પ્રભુ ઉપદેશ દેવા પધાર્યા. 'ગૌતમસ્વામીને પ્રભુએ દેવશર્માને પ્રતિબોધવા પાસેના ગામે મોકલ્યા હતા. કાર્તિકી અમાસ એ ભગવાનની અંતિમ દેશનાનો ઐતિહાસિક દિન સોલ પ્રહરની અખંડ દેશના સાગરસમ ગંભીર નાદે ગાજતી રહી. ત્રણ રાજાઓ આહાર ત્યાગરૂપ પોષધધારી ત્યાં દેશના સાંભળવા વિરાજીત હતા. પ્રભુએ પુણ્ય પાપને સૂચવનારાં અધ્યયનો અને અપૃષ્ટ એવાં ઉત્તરાધ્યાયનનાં છત્રીસ અધ્યયનો સંભળાવ્યાં. પ્રભુશ્રી 'મરૂદેવા પ્રધાનાધ્યયનનું પરિભાવન કરતાં કરતાં સ્વાતિનક્ષત્રમાં ઉત્તર રાત્રિએ યોગ નિરોધ કરી અઘાતી કર્મો ખપાવી ભગવાન નિર્વાણ પામ્યા. તે સમયે ઘોર અંધકાર પ્રસરી ગયો, કુન્થુઆ આદિ સૂક્ષ્મ જીવો પ્રગટયા, સાધુજનોને હવે સંયમ પાળવું દુશકય અને જીવ રક્ષા દુષ્કર લાગવાથી આત્માર્થી સાધુ જનોમાંથી કેટલાએક મહાનુભાવોએ સંથારા કર્યા. જ્ઞાની પોતાના જ્ઞાન પ્રકાશથી આત્મા સ્વરૂપને પામે છે અને પમાડે છે; આજે એ જ્ઞાન દીપક સમા મહાવીર નિર્વાણે સિધાવ્યા.

નભ મંડળ વિમાનોથી વ્યાપ્ત થયું. આભમાં અનુપમ પ્રકાશ પ્રગટયો. દેવોનું એ આગમન સુચક લક્ષણ હતું. ત્રણ રાજાઓએ દ્રવ્ય ઉદ્યોત કરી ભાવ ઉદ્યોત કરવા દીપકો પ્રગટાવ્યા. અને ગૃહે ગૃહે દીપમાલાઓ પ્રગટવા લાગી.

પ્રભાતે ગૌતમે સર્વ જાણ્યું ગુરૂ ભક્તિભાવ વિલાપમાં રેલાવા લાગ્યો.

"મ્હારા સંશયો કોણ ટાળશે ? મ્હને ગૌતમ કહી કોણ પોકારશે ? હું હે ભદંત ! કરી કોને બોલાવીશ ? કેવળજ્ઞાનમાં એવું ભાખયું કે મ્હને મૂકી ચાલ્યા ગયા ? મ્હને મોક્ષમાં સાથે લઈ ગયા હોત તો શું ઓછું થઇ જવાનુ હતું ? ભારત આપ વિના ગત શોભા બન્યું છે. મિથ્યાત્વ કૌશીકો ધુત્કાર કરી ભવ્યોને ડરાવશે, ઉપદ્રવો ભારતને પીડશે. હે સૂર્ય સમા પ્રભુ આ શું કર્યું હે વીર ? ? ? હા....વીર....પ્રભુ–વીર...." અને....પ્રભુ વીતરાગ હતાં, રાગથી આત્મ શ્રેય નથી. એ વિચારતાં ભુલ સમજ્યા નિજની, અને આત્મ સ્વરૂપમાં વધુને વધુ શુક્લધ્યાન ધ્યાવતાં કેવળજ્ઞાન, કેવળદર્શન પામ્યા. અને....દેવોએ સુરેન્દ્રોએ મહોત્સવ કર્યો.

નૂતન વર્ષનો એ પ્રથમ દિવસ અઢાર હજાર વર્ષથી એ પરંપરા ચાલી આવે છે. ધનપૂજન, ચોપડાપૂજન વગેરે પણ રહસ્યમય છે. જ્ઞાનધન જીવનના ચોપડે શુભકાર્યની નોંધરૂપે લખવું ને પૂજવું. જ્ઞાનપૂજન એ શ્રેષ્ઠ પૂજન છે. આત્મા નિત્ય દીપોત્સવ ઉજવે ને સદા આત્મ જ્યોતિ પ્રગટાવે, એ પર્વની સાચી પ્રેરણા અને મહત્તા.

# ॥ श्री आदिनाथ चरित्र पद्य ॥

(जैनाचार्य श्रीजयसिंहसूरीजी तरफथी मळेलुं)

( ગતાંક પૃષ્ઠ ૩૪૪ થી અનુસંધાન )

याते कर्म करहु अय भाई, नर्क गति कर लंघती खाइ ॥
प्राणी लक्ष मोक्षपर राखे, सत्यधर्म कर स्तुतीः भाखे ।
अधर्म धर्म नही करत विचारा, तिन दुख का हो अति विस्तारा ॥
सुख नैया डुबत मज्जधारा, याते धर्म करहु सुख कारा ।
सुनहुं नृपति मम नाथ कृपाला, कहूं नीति मय वचन रसाला ॥
धर्म दोह संगति नहीं कीजे, या ते पूर्व कर्म सब छीजे ।
यह सुन मंत्री करद विवादा, महामती शतबल अपवादा ॥
सब रुख देख नृपति इमि बोले, तुरत हृदयके पड़दे खोले ।
सुनहु स्वयंबुद्ध मंत्रीवर, महा बुद्धी गुणवान ।
धर्म कीर्ती-बहु यतनसे, कीनी आज बखान ॥

पर तुम समय न देखा भाई, धर्म बात अ समयहि सुझाई ॥
धर्म ग्रहन तुमकहा बिचारी, सो मम हृदय जंची अति भारी ।
पर बिनु अवसर लागत फीका, अवसर आवत लागत नी का ॥
योवन में दिक्षा नहीं सोहे, राग निचलत वेद ध्वनी कोहे ।
धर्म करत फल हे परलोका, पर क्यो रोकत सुख यहलोका ॥
यह सुन बोला मंत्री सुज्ञानी, आवश्यक फल संका कानी ।
याद भइ मुझ स्वामि हमारे, एक दिन नंदन वन पग धारे ॥
तहां रमण करता एक देवा, सुन्दर तालोचन सुख देवा ।
तुमहिं देख महाराज, खुशी हुआ वह देवता ।
बोला सुन नृप राज, अति बल तुमरा मित्र हूं ॥
क्रूर मित्र सम भोग, हो उद्विग्न, छोड़ेतुरत ।
लीना त्रयरत्न जोग, तासे यह शुभगतिमिले ॥
यह कारण अय राज कुमारा, मत फसिये प्रमोद दुख कारा ॥

अपूर्ण.

# शास्त्रसम्मत मानवधर्म और मूर्तिपूजा

( लेखक )—पूज्य मु. श्री. प्रमोदविजयजी म. ( पन्नालालजी )

( ગતાંક. પૃષ્ઠ ૩૪૮ થી અનુસંધાન )

किं ते जटाहि दुर्मेध, किं ते अजिनसाडिया ।
अब्भिंतरं ते गहनं, बाहिरं परिमज्जसि ॥

जटाओमें या वस्त्रधारण करने में अथवा मस्तक मुंडाने में आत्मधर्म नहीं। आत्मधर्म गहन विषय है उसका सरल एवं अनिकाचित बंधन वाले ही रसास्वादन कर सकते हैं।

जिस पाथेय ( शम्बल, राहखर्च )को लेकर शिवपुरी की ओर प्रयाण करता है वह पाथेय भी एक प्रकारका नहीं किंतु मुख्य तया दो विभागों में विभक्त किया जा सकता हैः—१ अनगार धर्मरूप पाथेय २ अगार धर्मरूप पाथेय। अगार धर्मरूप पाथेय का लक्ष्यबिंदु भी उसी स्थान से रहता है जिस स्थान से अनगार धर्मरूप पाथेयका संबंध है। कालक्रम से इनमें भले ही प्रारंभिक भेदसूचक व्यवधान पड़ जाय तथापि कियत्कालानंतर वह एक ही रूप में परिणत हो जाते है। और शिवपुरी का सबल पाथेय बनकर अवश्य वहांतक पहुंचाने में सहायक सिद्ध होता है। यद्यपि प्रारंभ में उस पाथेय के उद्गम स्थान अथवा प्रवाह स्थान द्वि भागों में विभाजित दृष्टिगोचर होते हैं तथापि आगे जाकर के मिल जाते हैं और एकरूप बन जाते हैं। अर्थात् अगार धर्म भविष्य में अनगार धर्ममय बनकर आत्मा की अभीष्ट सिद्धिका उपादान कारण हो जाता है। उपादान कारण के भी निमित्त कारणकी सहायता आवश्यक प्रतीत होती है उसके बिना उसकी प्रवृत्ति विधि भी कदापि नहीं हो सकती है। उदाहरणार्थ मिट्टी घट का उपादान कारण अवश्य है किंतु केवल मिट्टीके रख देने मात्रसे ही घट नहीं बन सकता है, उसके लिये उस उपादान (मुख्य) कारणमें सहायक भूत कुलाल (कुंभकार) दंड, चक्रादि सकल साधनोंकी सहायता लेना अनिवार्य हो जाता है और उस सहायता के प्राप्त होनेपर ही घट की उत्पत्ति की संभावना की जा सकती है। यदि इन निमित्तों की सहायता न ली जाय तो क्या घड़ा घट रूप को धारण कर सकता है? कदापि नहीं। इसी प्रकार बीज वृक्ष का उपादान कारण है, बिना बीज के वृक्ष कदापि नहि हो सकता है, यह सर्व सम्मत है तथापि क्या वह बीज, पृथ्वी, मिट्टी, पानी, वायु, आकाश, आदि निमित्तों के बिना ही वृक्ष रूप में पनप सकता है? नहीं, कारण यद्यपि बीज में वृक्ष की शक्ति प्रच्छन्नरूप से रही हुई है, किंतु निमित्तोंके अभाव में वह शक्ति कार्यरूप में परिणत नहीं हो सकती है। जिस प्रकार गति प्रसंग सूचक सेनाधिपति के अभाव में सेना रणसंग्राम में विजय नहि प्राप्त कर सकती है।

अपूर्ण.

# ॥ शील कुलकम् ॥

कर्ता—श्रीजैनाचार्य श्री विजयपद्मसूरिजी.

( ગતાંક પૃષ્ઠ ૩૪૫ થી અનુસંધાન )

विट्ठाईहिं पयत्थेहिं, रमादेहो समाउलो ।
तम्मि मोहो कहं जुत्तो, जुत्तो धम्मे हियप्पए ॥३३॥
मंसाइपिंडरूवाइं–मुहाईणि सुईणि णो ।
चंदाइओवमा तत्थ–दिज्जमाणा ण सोहणा ॥३४॥
आणणं चंदसंकासं, एव मण्णंगकप्पणा ।
नाणाइ साहणे विग्घं, ताए होज्ज मणं चलं ॥३५॥

॥ आर्यावृत्तम् ॥

पीयसुरो भूयगहो, डसियाली जो कई तयाहमिणं ।
सव्वत्थ मणं भमए, तयभावे तं थिरं होज्जा ॥३६॥
न रमइ असुइसरीरे तुल्लेऽवि नरत्तणम्मि दुण्हमिहं ।
होउं दासो एगो, कुणए पावाइ तण्हाए ॥३७॥
विगलियतण्हा मणुया, पावं न करंति निब्भया भुवणे ।
विहरंति णिव्वियारा, णिज्जियमयमयणलोहरया ॥३८॥

॥ मालिनीवृत्तम् ॥

विबुहगणपइट्ठा, पत्तसंतिप्पमोया ।
हरिगण णमणिज्जा, भोगतण्हाविहीणा ॥
पसमसुहणिलीणा, साहुणो णो धणड्ढा ।
हियअठियपरासा, तं हविज्जा वितण्हा ॥३९॥

॥ आर्या वृत्तम् ॥

जो चत्तो वुड्ढेहिं, तं पोसेमो कहं मयण मम्हे ।
वुड्ढपहे ता चलणं, पवरंति वियारिऊण सयं ॥४०॥
परिचत्तसयलभोगा, हवंति चक्की वि ते पलोइत्ता ।
पुच्छंति पेक्खगनरा, पुज्जा ? के तुम्ह चित्तगया ॥४१॥
ते पसमसुहनिहाणा, अम्हे भिक्खुत्ति दिंति पडिवयणं ।
पावंता पसमसुहं, अलद्धपुव्वं ति सिद्ध मिणं ॥४२॥ (अपूर्ण)

# શીયળની સઝાય.

(રાગ **આશાવરી**)

મહિમા અપરંપાર શીયળનો, મહિમા અપરંપાર;
બ્રહ્મચર્ય વ્રત ધાર તું પ્રાણી, મહિમા અપરંપાર........શીયળનો. ૧

મદન રાજની માયા ભારી, પળમાં કરે વીકાર;
જેણે જીત્યો એ દુશ્મનને, જાયે તરી સંસાર.......શીયળનો. ૨

વિજય શેઠને વિજયા નારી, યૌવન વય ધર નાર;
બ્રહ્મચર્ય વ્રત આચરી જેણે, સફળ કર્યો અવતાર........શીયળનો. ૩

સીતા સુભદ્રા ચંદનબાળા, શીયળવંતી નાર;
એ સતીઓના અનુપમ ગુણને, ગાયે સહુ નર નાર........શીયળનો. ૪

વિષય વમળમાં જે જન ફસીયા, ભુલ્યા સત્ય વિચાર;
જ્ઞાની પણ અજ્ઞાની બનીયા, આખર થયા ખુવાર........શીયળનો. ૫

મુંજ અને મહા બળીઓ રાવણ, લંકાનો સરદાર;
પરસ્ત્રીમાં કામાંધ બની, રોલાયા રણ મોઝાર........શીયળનો. ૬

સૌવન વર્ણી જે કાયામાં, શું રાખે છે પ્યાર;
મૂરખ વિચારી જોતું આખર, એ છે નરકાગાર........શીયળનો. ૭

ઘરડા છતાં ઘોડે ચડવાને, જે થાયે તૈયાર;
એવા નીચ લંપટ કામીનો, ધીક્ ધીક્ ધીક્ અવતાર........શીયળનો. ૮

બની પૂજારી વાસના કેરા, ભૂલે પ્રભુનો પ્યાર;
પશુ પક્ષી સમ જીવન વીતાવે, થાયે ભૂમીપર ભાર........શીયળનો. ૯

તપગચ્છ નાયક નેમિસૂરિ, વિજ્ઞાન સૂરિ હિતકાર;
વાચક કસ્તુર ગુરૂને પ્રીતે, પ્રણમી વાર હજાર........શીયળનો. ૧૦

ચંદ્રકાંત કપુરચંદ કાજે, રચના કીધી સાર;
ચોમાસું રહીને વલશાડે, યશોભદ્ર અણગાર........શીયળનો. ૧૧

# શ્રી સિદ્ધચક્રની તાત્ત્વિકભાવના.

લેખક. જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરિ

(ગતાંક પૃષ્ઠ ૩૫રથી અનુસંધાન)

અને ૧૧ અતિશયો જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય, મોહનીય, અને અંતરાય આ ચાર ઘાતિ કર્મોના ક્ષય થવાથી પ્રકટ થાય છે. શેષ ૧૯ અતિશયો પ્રભુ ભક્તિથી ભરેલા દેવો કરે છે. પુરાવા માટે જુએ પાઠ-**चउरो जम्मप्पभिई, इक्कारस कम्मसंखए जाए ॥ नवदसयदेवजणिए, चउत्ती संअइसए वंदे ॥१॥** તેમાં ૪ મૂલ અતિશયોનું સ્વરૂપ આ પ્રમાણે ૧. અરિહંત મહારાજાનું શરીર જન્મથી માંડીને નીરોગી અને નિર્મલ હોય છે. તેમજ પરસેવાથી રહિત હોય. તેમનું રૂપ વૈમાનિક દેવોના રૂપથી પણ અધિક મનોહર હોય છે. ૨ ગળાની નીચેના ભાગથી માંડી નાભિ સુધીમાં ૧૦૦૮ ઉત્તમ લક્ષણો હોય છે. ॥ ૩. અરિહંત પ્રભુનો શ્વાસોશ્વાસ કમલના પરિમલ કરતાં પણ અત્યંત સુગંધિ હોય છે. ॥ અરિહંત મહારાજાનું માંસ અને રૂધિર આ બંને ગાયના દૂધની જેવા સફેદ હોય છે ॥ ૪. પ્રભુનો આહાર (ભોજનક્રિયા અને જલપાનક્રિયા) તથા નીહાર (મળનો ત્યાગ) ચર્મ ચક્ષુવાલા મનુષ્યો ન દેખી શકે પરંતુ જે પ્રત્યક્ષજ્ઞાની અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવલજ્ઞાની હોય, તે જોઈ (જાણી) શકે ॥ હવે ઘાતિકર્મોના ક્ષયથી પ્રકટ થતા ૧૧ અતિશયો બતાવીએ છીએ ॥૧. ભગવંત' જે સમવસરણમાં બેસી દેશના આપે છે તે સમવસરણની રચના એક યોજન પ્રમાણ વિસ્તારવાલી ભૂમિમાં દેવો કરે છે. એટલી જગ્યામાં પણ કોટાકોટી પ્રમાણ (એક ક્રોડને એક ક્રોડે ગુણવાથી કોટા કોટી થાય) દેવો મનુષ્યો અને તિર્યંચોનો સમાવેશ થાય છે. તેમાં પ્રભુના પુણ્ય પસાયથી કોઈને પણ સંકડાશ કે પીડા થતી નથી. ॥ સમવસરણની રચના એ પ્રભુ ભક્તિનું પરમ અંગ અને મહા પુણ્ય બંધનું કારણ હોવાથી ચારે નિકાયના દેવો તેની રચના કરવામાં પોતાને ઉચિત ભક્તિનો લ્હાવો લે છે. તેમાં શરૂઆતમાં વાયુકુમાર જાતિના ભુવનપતિ દેવો સમવસરણને લાયક યોજન પ્રમાણ પ્હોળી ભૂમિને સંવર્તક નામનાવાયુ વડે સાફ કરે છે. તથા ભુવનપતિમાં રહેનારા મેઘકુમાર દેવો- સુગંધી પાણી છાંટી ઉડતી ધૂળને શમાવી દે છે. પછી વ્યંતર દેવો વિવિધ પુષ્પોની વૃષ્ટિ કરી પુષ્પોના જીવોને કિલામણા=પીડા ન થાય તેવી રીતે રત્નશિલા વડે પીઠ રચે છે. તે (પૃથ્વી) પીઠની ઉપર ભુવનપતિ દેવો તેવો રૂપાનો ગઢ બનાવે છે, કે જેમાં ચારે દિશામાં તોરણ સહિત ચાર દરવાજા શોભી રહ્યા છે. તે દરેક દરવાજાની ઉપરના ભાગમાં અષ્ટમંગળની તથા છત્ર, ચામર, ધજાઓ અને ધૂપધાણાંની રચના કરે છે. અહીં અષ્ટમંગલિકાદિ સર્વે રત્નમય છે એમ સમજવું. આ ગઢની ઉપર સોનાનાં કાંગરા રચે છે. હવે જ્યોતિષ્ક દેવો ઉપર કહેલા ગઢની અંદર બીજા

સોનાના ગઢની રચના કરે છે. તેની ઉપર રત્નોના કાંગરા બનાવે છે. આ ગઢના પણ ચારે દરવાજાની રચના રૂપાના ગઢના દરવાજાની રચના સરખી સમજવી. હવે બીજો જે સોનાનો ગઢ તેની અંદર ત્રીજો રત્નનો ગઢ વૈમાનિક દેવો રચે છે. તે દેવો આ ગઢના કાંગરાઓ સૂર્યકાંત અને ચંદ્રકાંત મણિના બનાવે છે. તથા એ રત્નના ગઢમાં પણ પૂર્વની માફક ચાર દરવાજા વિગેરેની રચના કરે છે. પછી અંદરના ગઢના મધ્યભાગમાં વ્યંતર દેવો જુદા જુદા રત્નોથી જડેલું પીઠ બનાવે છે. તેની ઉપર કાંઇક ઉંચું બીજું સ્થાન રચે છે. તેની ઉપર અશોક એટલે ચૈત્ય વૃક્ષની રચના કરે છે. હવે વ્યંતર દેવો તેની નીચે એટલે મધ્ય ગઢમાં ઇશાન ખૂણે સુવર્ણનું સિંહાસન તથા છત્ર ચામરાદિ સામગ્રી સહિત દેવછંદાની રચના કરે છે. અરિહંતદેવ આવા સમવસરણના પૂર્વદ્વારે પ્રવેશ કરી ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા દેઇ 'નમસ્તીર્થાય' એવું બોલી પૂર્વ તરફના સિંહાસન ઉપર પૂર્વ મુખે બેસે છે. ત્યારે બીજી ત્રણ દિશામાં વ્યંતરદેવો પ્રભુના જેવા રત્નમય ત્રણ બિંબોને ઠવે છે. આ બિંબોમાં પણ સાક્ષાત્પ્રભુના જેવી ઋદ્ધિ વિગેરે હોય છે. આ સમવસરણ સવારે પહેલી પોરિસીના ટાઇમે અને બપોરે પણ તેજ ટાઇમે હોય છે. તેમાં બાર પર્ષદાની ગોઠવણી આ ક્રમે હોય છે. એટલું ધ્યાનમાં રાખવું કે બારે પર્ષદાની ગોઠવણી ચાર ખૂણાઓમાં જ હોય છે. અને એકેક ખૂણામાં ત્રણ ત્રણ પર્ષદાઓ બેસે છે. તેમાં પ્રભુથી અગ્નિ ખુણામાં પ્રથમ શરૂઆતમાં ગણધર ભગવંતો પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા દેઇ નમસ્કાર કરી હાથ જોડી પ્રભુ ની પાસે બેસે છે. તથા ગણધરોની પાછળ કેવલિ ભગવંતો પણ ત્રણ પ્રદક્ષિણા દઇ '**નમસ્તીર્થાય**' એમ બોલી તેજ અગ્નિ ખૂણામાં બેસે છે. અહીં કેવલિભગવંતો અરિહંતને નમસ્કાર ન કરે, કારણ કે પોતે કૃતકૃત્ય છે અને તેમનો કલ્પ પણ એવોજ છે. દ્રષ્ટાન્ત બાહુબલિજી અને ૫૦૦ તાપસો. છદ્મસ્થ છતાં પણ ગણધરો પદસ્થ હોવાથી તેમનું માન સાચવવું જોઇએ. માટેજ ગણધરોની પાછળ કેવલિ ભગવંતો બેસે છે. આ એક પદનો મહિમા છે. તેમની પાછળ મનઃપર્યવજ્ઞાનિયો, અને તેમની પાછળ અવધિજ્ઞાનિઓ બેસે છે. એજ ક્રમે ચૌદ પૂર્વી, દશ પૂર્વી વિગેરે પણ યોગ્યતાને અનુસારે એકેકની પાછળ બેસે છે. આ પહેલી એક પર્ષદાનો ક્રમ કહ્યો. ૨ પહેલી પર્ષદાની પાછળ વૈમાનિક દેવીઓની પર્ષદા. અને ૩–ત્રીજી સાધ્વીઓની પર્ષદા પૂર્વની માફક પ્રદક્ષિણાદિ વિધિ કરીને ડાબો ઢીંચણ ઉંચો રાખીને રહે છે. એ પ્રમાણે અગ્નિ ખૂણાની ત્રણ પર્ષદાની ગોઠવણી બતાવ્યા પછી નૈઋત્ય ખૂણામાં કઇ ત્રણ પર્ષદાઓ કયા ક્રમે રહે છે? તે હવે જણાવીએ છીએ. જ્યોતિષીદેવીઓ દક્ષિણદિશાના દરવાજે પ્રવેશ કરી પૂર્વની માફક પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઇ તથા વન્દના કરી, ઉંચા ઢીંચણ રાખી રહે છે, એજ રીતે તેમની પાછળ ભુવપતિની દેવીઓ અને વ્યંતરની દેવીઓ પણ પૂર્વની માફક પ્રદક્ષિણાદિ વિધિ કરી નૈઋત્ય ખૂણામાં દેશના સાંભળે છે. હવે વાયવ્ય ખૂણામાં બેસનારી ત્રણ પર્ષદાઓ કઇ કઇ તે જણાવે છે. જ્યોતિષી–ભુવનપતિ–વ્યંતર આ ત્રણ પ્રકારના દેવો પશ્ચિમ દિશાના દરવાજેથી પ્રવેશ કરી પૂર્વની માફક પ્રદક્ષિણાદિવિધિ કરી વાયવ્ય ખૂણામાં

બેસે છે. હવે ઇશાન ખૂણામાં કઇ કઇ ત્રણ પ્રર્ષદાઓ કયા ક્રમે ગોઠવાય છે તે જણાવે છે.–વૈમાનિક દેવો ઉત્તરદિશાના દરવાજેથી દાખલ થઇ પ્રભુજીને પ્રદક્ષિણાદિ વિધિ કરી ઇશાન ખૂણામાં બેસે છે. તેમની પાછળ મનુષ્યો પણ તેવી જ રીતે બેસે છે. તેમની પાછળ મનુષ્યોની સ્ત્રીઓ પણ તેજ ક્રમે બેસે છે. એ પ્રમાણે ૧. ગણધરાદિની ૨. વૈમાનિક દેવીઓની ૩. સાધ્વીઓની ૪. જ્યોતિષ્ક દેવીઓની ૫. ભુવનપતિ દેવીઓની ૬. વ્યંતર દેવીઓની ૭. જ્યોતિષ્ક દેવોની ૮. ભુવનપતિ દેવોની ૯. વ્યંતર દેવોની ૧૦. વૈમાનિક દેવોની ૧૧. મનુષ્યોની ૧૨. મનુષ્યોની સ્ત્રીઓની પર્ષદાની ગોઠવણી રચના બતાવી. તેમાં કેટલીએક પર્ષદાઓનો અધિકાર બેસીને દેશના સાંભળવાનો છે. અને કેટલીએક પર્ષદાઓનો ઉભા રહીને દેશના સાંભળવાનો જ છે. તે આ પ્રમાણે ચાર પ્રકારના દેવો, મનુષ્યો નારીઓ અને સાધુઓ એમ સાત પર્ષદા બેસીને અને ચાર પ્રકારની દેવીઓ તથા સાધ્વીઓ એમ પાંચ પર્ષદા ઉભી રહીને સાંભલે એમ આવશ્યક વૃત્તિમાં કહ્યું છે અને આવશ્યક ચૂર્ણિમાં કહ્યું છે કે–સાધુઓ ઉત્કટિકાસને સાંભલે, તથા વૈમાનિક દેવીઓ અને સાધ્વીઓ ઊભી રહીને સાંભલે, અને શેષ ૯ પર્ષદાઓ બેસીને દેશના સાંભલે એ બે વિચારો શ્રી સમવસરણુસ્તવમાં જણાવ્યા છે. સમવસરણમાં જ્યારે મહર્દ્ધિક દેવ આવે, ત્યારે ત્યાં બેઠેલો અલ્પર્દ્ધિક દેવ ઉભો થઇ તેને નમસ્કાર કરી બીજી જગ્યાએ બેસે. અને અલ્પર્દ્ધિક દેવ જ્યારે પ્રદક્ષિણા દે ત્યારે મહર્દ્ધિકને ઉલ્લંઘન કરીને જાય છતાં પ્રભુના પ્રભાવથી કોઇ દેવને પણ કલહ વિગેરે હોતા નથી. સોનાનો ગઢ અને રત્નનો ગઢ, આ બે ગઢની વચ્ચેના ભાગમાં જાતિ વૈરનો ત્યાગ કરી સંપીને તિર્યંચો રહે છે. તથા રૂપાના ગઢની અને સોનાના ગઢની વચ્ચેના ભાગમાં દેવોના વિમાનો અને મનુષ્યોના વાહનો રહે છે. સમવસરણમાં અરિહંત મહારાજા સૂર્યોદયથી માંડીને એક પહોર સુધી જ દેશના આપે. દેશના પૂરી થયા બાદ પ્રભુજી દેવચ્છંદામાં પધારે છે. ત્યારબાદ બીજી પોરિસીમાં મુખ્ય ગણધર અથવા બીજા ગણધર રાજાઓ લાવેલા સિંહાસન ઉપર બેસીને અથવા પ્રભુના પાદપીઠ ( પગનેસ્થાપન કરવાના બાજોઠ ) ઉપર બેસીને ધર્મ દેશના આપે. આ પ્રસંગે એ પણ જાણવા જેવું છે કે જ્યાં પ્રભુનું સમવસરણ થયું હોય, તે સ્થલે રાજા, રાજાનો મંત્રી, શેઠ, અથવા મુખી ચાર શેર ચોખ્ખા અખંડ તંદુલ લઈને દેશનાને અંતે અંદરના ગઢના દરવાજે પ્રવેશ કરે છે. અને જ્યારે દેશના પૂરી થાય ત્યારે તે ચોખાને પ્રભુની સામે ઉભો રહીને જ ઉછાળે, તેમાંના અડધા ચોખા જમીન પર પડતાં પહેલાં જ વચમાંથી ઇન્દ્ર અથવા કોઇ મહર્દ્ધિક દેવ લઇ લે છે. બાકી રહેલા અડધા ચોખામાંથી અડધા ચોખા ઉછાળનાર જ ગ્રહણ કરે છે, અને બાકીના અડધા ચોખાનો એકેક દાણો સર્વજનો શેષ તરીકે ગ્રહણ કરે છે. આ ચોખાના દાણાના પ્રભાવથી છ માસની પહેલા થયેલા રોગો નાશ પામે છે, અને ભવિષ્યમાં પણ તેટલા કાળ સુધી નવા રોગો ઉત્પન્ન થતા નથી. –અપૂર્ણ.

# જૈનધર્મને કલ્પવૃક્ષની ઉપમા.

રચયિતાઃ મુનિરાજશ્રી સુશીલવિજયજી.

(ગઝલ—એ રાગ)

જિનેશ્વર દેવનો ધર્મ, સનાતન સહુથી મોટો છે;
સુરતરૂની ઉપમા તેને, ઘટે સર્વાંશે સાચો છે. જિનેશ્વર૦ (૧)

સત્યના સ્થિર પાયા પર, સર્વદા તે અધિષ્ઠિત છે.
વિનયને ભક્તિ મૂળ તેનું, અહિંસા પ્રાણુ વ્યાપક છે. જિનેશ્વર૦ (૨)

નિર્મળ જ્ઞાન દેહ વ્યાપી, જીવન તંતુઓ તેના છે;
અચળ નિર્મળ શ્રદ્ધામય, મજબૂત થડ તેનું છે. જિનેશ્વર૦ (૩)

ઉપશમ વિવેક સંવર, તેની શાખાઓ બૃહદ છે;
ષડાવશ્યક પત્રોની, અત્યંત નિબીડ ઘટા છે. જિનેશ્વર૦ (૪)

તેમાં લીન સાધુ પક્ષીઓ, નિરંતર તેને સેવે છે;
કેવલ ધારી સર્વ સર્વજ્ઞો, સુગંધી પુષ્પો તેના છે. જિનેશ્વર૦ (૫)

અનુપમ મુક્તિના મેવા, સુમધુર ફળ તેનાં છે;
પંચ મહાવ્રત જળથીએ, સદા સિંચિત સિંચિત છે. જિનેશ્વર૦ (૬)

પંચાચાર રસકસથી, અજબ ફાલ્યો ફુલ્યો તે છે;
શીલ તણુા વજ્ર કવચથી, સુંદર સુરક્ષિત તેહી છે. જિનેશ્વર૦ (૭)

સમિતિ ગુપ્તિ માતાઓ, સદા દેખરેખ રાખે છે;
મુક્તિ પિપાસુ પાન્થિકો, તેની છાયામાં બેસે છે. જિનેશ્વર૦ (૮)

ત્રણે કાળે અબાધિત તે, અપ્રતિહત અનુપમ છે.
સદા હિતકર ક્ષેમંકર, સેવક વાંછિત પૂરક છે. જિનેશ્વર૦ (૯)

નેમિ લાવણ્ય સૂરીશ્વરજી, ત્રિકરણ યોગે સેવે છે;
દક્ષ સુશીલ અમ આત્મા, ભવોભવ તે ધર્મ ચાહે છે. જિનેશ્વર૦ (૧૦

# ધર્મ્ય વિચાર

લેખક—ઉપાધ્યાય શ્રી સિદ્ધિમુનિજી મ.

( ગતાંક પૃષ્ઠ ૨૫૫ થી અનુસંધાન )

(૧૦) સૌ કોઇ જાણે છે કે, તમે શાણું અને સુશીલ છો, પણ ઉદાર હોવાનો દેખાવ ના કરતાં. સજ્જનોને તે શું પસંદ નથી ! ના, તેઓ ઉદારતાને સર્વગુણોમાં અગ્રસ્થાન આપે છે. તો પછી આમ શા માટે ! તમે ઉદાર દેખાવો છો પરંતુ સાચી રીતે તમે ઉદાર નહિ, પણ યશનાં અભિમાની છો. યશ ન ફેલાતો હોય તો અમને એમ લાગે છે કે, તમે એક પાઇ પણ ખર્ચવા તૈયાર નથી. તમારાં બધાં દાન તપાસી લ્યો યશ ન મળે એમ હોય ત્યાં તમે કદિ દેખાયાં છો ! યશ મળવાની આશા ન હોય ત્યા તમે ઘણીય આવશ્યકતા હોય છતાં હાથ લંબાઓ છો ? તમારા દાનમાં વિવેકનું તો નામનિશાનજ નથી, પણ એ ઓછા શોકની વાત કદાચ ગણાય. એમાં ધન નાશ થયું કે તેનો દુરૂપયોગ થયો એટલુંજ. પણ યશ ન મળે તો દેવું જ નહિ, એતો હૃદયની નાશકારક અભિમાન વૃત્તિ. યોગ્યના પ્રતિ તમારો ભારે અન્યાય ! આવી તુચ્છતા જબરો અધઃપાત કરે છે. યશ ભલે મળે, પણ તેની આમ અભિલાષા શા માટે જોઇએ. તમારાં દાનોમાં તળીયે 'વાહવાહ' સિવાય કાંઇપણ રહેતું નથી. વિવેક વગરના દાતામાં તો 'કાકતાલીય' ન્યાયે સત્ફલ દેનારૂં પણ કાંઇ દેવાઇ જાય અને ઔદાર્યવૃત્તિથી લાભ પણ મળી જાય. યશની અભિલાષાથી કરાયલાં દાનોમાં યશ સિવાય શું મળવાનું હોય ? પારલૌકિક લાભ થોડો ઘણો પણ એમાં ન મળે તો નવાઇ નથી. તમારા યશનું વાતાવરણ ફેલાવી શકે એવા ભાટ જેવા પામરોને તમે જેવી વૃત્તિથી આપો છો તેવુંજ તમારે મેળવવાનું છે.

સુપાત્રદાનમાં પણ ઘણીજ ગતાગમ રાખવાની જરૂરીઆત પડે છે. ત્યાં કદાચ તેવી ગતાગમ ઓછી હોય તો પાલવે, પણ યશની વૃત્તિ તો સર્વથા ન જ પાલવે. લેખકોએ, કવિઓએ અને યાવદ્ સંતોએ પણ શ્રીમતી અનુપમાદેનો ઘણોય યશ લખ્યો છે, ગાયો છે અને અભિનંદ્યો છે. તેણીએ કદિ યશની અભિલાષા કરી હતી ? આત્માર્થની અભિલાષાથી કરાયલા દાનમાં સહજ એ ઉગી નીકળે છે. એના એકલાના વાવેતરમાં પશુ જીવન નિર્વહે નહિ કે મનુષ્ય જીવન. મનુષ્યજીવનના સાફલ્ય માટે તો વિવેકપૂર્વક નિષ્કામવૃત્તિથી ઔદાર્યનું ઉમદા વાવેતર કરો અને 'અનુપમા'ની માફક અનુપમ બનો.

ચાલુ

# मोक्ष पाने के उपाय.

**लेखक-जैन भिक्षु ( भद्रानंदविजयजी )**

( અંક ૧૧ પૃષ્ટ ૩૩૧ થી અનુસંધાન )

**श्रद्धानं परमार्थानामाप्तागम तपोभृताम।**
**त्रिमूढा पोढ मष्टाङ्ग सम्यग्दर्शनमस्मयम्॥**

यथार्थ (सच्चे) देव, शास्त्र और गुरूओका आठ अङ्ग सहित तीन मूढता और आठ मद रहित श्रद्धान करना–विश्वास करना–सम्यग्दर्शन कहलाता है, यथार्थ देव वही है कि जो वीतराग हो, सर्वज्ञ हो और हितोपदेशी हो जिसकी आत्मा से सर्व दुःखो का मूल कारण राग और द्वेषरुप शत्रु नष्ट हो चूके हो उसे वीतराग कहते हैं। संसार के सब पदार्थो को एक साथ स्पष्ट जानते हो उन्हे 'सर्वज्ञ' कहते हैं और सबके हित का उपदेश देवे सोही 'हितोपदेशी' कहेलाते है एवं सच्चा देव शुद्ध स्वरूप को प्राप्त कर चुके हैं इस लिए वे भक्ष्य हैं जैसा स्वरूप उनका है वैसा ही मेरा है, अतः उनका श्रद्धान करना आवश्यक है। यथार्थ शास्त्रों से शुध्ध स्वरूप प्राप्त करने के उपायों का ज्ञान होता है, किन्तु जो शास्त्र सच्चे देव के द्वारा कहे गये हों, जिनकी युक्तियाँ अकाट्य है, जिनमें प्रत्यक्ष अनुमान आदि कि भी प्रमाण से बाधा नही आती हो और जो लोक कल्याण की दृष्टि से रचित हो उन्हें 'यथार्थशास्त्र' कहते है इसलिये उनका श्रद्धान करना आवश्यक है. और सच्चा गुरू जो कषाय और विषय वासना से रहित हो एवं ममता रहित हो और शुद्ध आत्म स्वरूप को प्राप्त करानेवाले उपायो को कार्यरूपमे परिणत और कंचन और कामिनीया के त्यागी हो पांच इन्द्रियों के विषयों में जिनका मन आसक्त न हो, तत्त्व के जानकार हो वैसे शुद्ध गुरू कहलाते है इनको भक्ष्य पर श्रद्धान करना परमावश्यकता है आत्मविकास के लिये ये शुद्ध देव, गुरू और शास्त्र पर तुलनात्मक दृष्टि से विवेकपूर्वक दृढ विश्वास करना चाहिए और भी सम्यग्दर्शन का तीसरा स्वरूप यह भी है कि 'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनं' अर्थात् तत्त्वोपर श्रद्धा करना ये तत्त्व नाव है जीव, अजीव, पुण्य, पाप, आश्रय, संवर, निर्जरा, बंध और मोक्ष है इन नव तत्त्वो का नवतत्त्वप्रकरणादिसे परिपूर्ण ज्ञान कर के तद् रूप दृढ श्रद्धा करना है.

सम्यग्दर्शन विना किसी भी कार्य की सिद्धि नही हो सकती. उतराध्ययन अंग में कहा है कि दंसण भट्ठो भट्ठो दंसण भदस्स नत्थि निव्वाणं चरण रहिया सिज्झति, दंसण रहिया न सिज्झति, अर्थात् दर्शन से भ्रष्ट हुआ मोक्ष नही प्राप्त कर सकता है चारित्र के विना सिद्धि हो सकती है परंतु दर्शनके विना नही हो सकती है श्रद्धावान् मनुष्य को कोई वस्तु दुर्लभ नही है किन्तु अन्ध श्रद्धा एवं दृष्टी राग न होना चाहिए इस अवस्था को मिथ्यात्व कहते है, बस विस्तार के भयसे यहांपर इतनाही संक्षेप से विवेचन कर समाप्त करता हूं.

# "મૂર્તિપૂજાના વિરોધમાં ...."

( ગતાંક પૃષ્ઠ ૩૫૭ થી અનુસંધાન )

લેખક- મુનિ ન્યાયવિજયજી. (અમદાવાદ.)

આજ વસ્તુનો સંક્ષેપમાં ઉલ્લેખ આવશ્યક નિર્યુક્તિમાં શ્રુત કેવલી આચાર્ય ભગવાન શ્રીભદ્રબાહુસ્વામિ અને તેની ટીકામાં સુપ્રસિદ્ધ આચાર્ય શ્રીહરિભદ્ર-સૂરિજી પણ કરે છે.

અર્થાત્ યુગાદીશ્વર ભગવાન ઋષભદેવજીના દીક્ષાકાલ પછીથી સ્તૂપ પૂજા-અર્ચના ચાલુજ છે.

આવીજ રીતે ભગવાન શ્રીઋષભદેવજીના પૌત્ર નમિકુમાર અને વિનમિ કુમારની ભગવાન ઉપરની ભક્તિ જોઈ પ્રસન્ન થયેલ ધરણેન્દ્ર તેમને વિદ્યાઓ આપે છે; સ્વતંત્ર રાજ્ય સ્થપાવે છે. અન્તે તેમને ભલામણ કરે છે કે આ વિદ્યાઓના પ્રતાપથી કોઈ અકાર્ય ન કરશો. તેમજ નીચે કહ્યા મુજબનાં કાર્યો કરવાથી પણ વિદ્યાઓ જતી રહે છે, માટે તે ન કરશો. કયાં કયાં કાર્યો તેનો ઉલ્લેખ આચાર્ય શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ નીચે પ્રમાણે જણાવે છે.

**जिनानांजिनचैत्यानां तथाचरमवर्ष्मणां**
**प्रतिमाप्रतिपन्नानां, सर्वेषां चाऽनगारिणाम् ॥ १ ॥**
**पराभवंलंघनंच, येकरिष्यन्ति दुर्मदाः**
**विद्यास्त्यक्षन्ति तान्सद्यः कृतालस्यानिवश्रियः॥ २ ॥**

ભાવાર્થ-જીનવરેન્દ્ર, જીનચૈત્ય-મંદિર; ચરમ શરીરી અને પ્રતિમાધારી સાધુઓનો જે પરાભવ અને ઉલ્લંઘન (આશાતના-અવિનય-અવજ્ઞા-તેઓ ધ્યાનમાં હોય તો તેમના ઉપરથી ચાલ્યા જવું) વગેરે જે કાંઇ પણ કોઇ અભિમાની મદાંધ કરશે, તેની વિદ્યાઓ આળસુ પુરૂષોની લક્ષ્મીની માફક તેને છોડીને ચાલી જશે.

---

**નોટ**-મુસલમાનો પણ મૂર્તિપૂજક છે. આ મારા કથનમાં હું નીચેનું પ્રમાણ રજુ કરૂં છું, જેથી તટસ્થ વાંચકો સમજી શકશે કે મુસલમાનો મૂર્તિપૂજાનો વિરોધ કરવા છતાંયે કેવા મૂર્તિપૂજક છે?

ઉર્દુભાષામાં **'અહુણેદીસ'** નામનું એક અખબાર પ્રગટ થાય છે. તેમાં ૧૯૪૬ ના મે માસની ૯મી તારીખના અંકમાં મૌલવી સન્નાઉલ્લાખાંએ 'શું એકેશ્વર પૂજા આનું નામ? એ શીર્ષક લેખમાં પોતાના વિચારો નીચેના શબ્દોમાં વર્ણવ્યા છે.

"આપણા મુસ્લિમો કબર પરસ્તી, પીર પરસ્તી, કૌવમ્ પરસ્તી, મજહબ પરસ્તીમાં એતે કાદ (શ્રદ્ધા) રાખે છે, એ જાણીતી વાત છે. અર્થાત્ આપણે મુસ્લીમો અલ્લાહને વાહિદુલ્લાશરીક (એક એવ તથા અદ્વિતીય) માનનારા એકેશ્વરવાદી હોવા છતાં, મુસ્લિમો

અર્થાત તે સમયે પણ જીનેવરેન્દ્ર અને જીન ચૈત્યની આશાતના અવિનય મહાન્ પાપ રૂપ ગણાતું, જ્યારે સ્થાનક માર્ગિ સંપ્રદાયમાં આ શિક્ષણ જ નથી મળતું. આ સંસ્કાર નથી મળતા. તેમને માટે તો આવું સુંદર મૌલીક સાહિત્ય પણ અસ્પૃશ્ય જ રહે છે. અર્થાત્ જૈન સંસ્કૃતિથી તેમને વંચિત જ રહેવું પડ્યું છે.

આગળ એક હિતોપદેશ આપતાં લખે છે.

**सात्मस्रीकंहनिष्यन्ति, येनरं येऽपिचस्रीयम्**
**रमयिष्यन्त्यनि च्छन्तीं, विद्यात्तक्ष्यन्तितान् क्षणात्**

કેવો સરસ ઉપદેશ છે. સુજ્ઞ વાચકો ઉપરના શ્લોકોથી સમજી શકશે કે જૈનધર્મમાં જીનવરેન્દ્રની મૂર્તિ તેની પૂજા કાંઈ આજ કાલની નથી. તેમજ તેનું મહત્વ માહત્મ્ય પણ ઘણું જ છે.

આ સિવાય સ્થાનક માર્ગિ સમાજે મૂર્તિ પૂજાના એકાન્ત વિરોધી આગ્રહ ના પરિણામે જૈન ધર્મના મૂલભૂત સિદ્ધાન્તસ્યાદ્વાદ, અનેકાન્તવાતવાદની પણ અવહેલના જ કરી છે. સ્યાદ્વાદના હાર્દનો જાણકાર કોઈપણ સુજ્ઞ એકાન્ત મૂર્તિનો કે તેની પૂજાનો વિરોધ કરી શકે જ નહિ.

---

આવી રીતે જાણી જોઇને કબ્રો તથા દર્ગાહોમાં તેમની પરસ્તિશ કરવાને શા કારણથી જાય છે? કોઇ અજમેર જાય છે તો કોઇ પાક પાટણ જાય છે અને કોઇ શેરગઢ જાય છે તો કોઈ ધોંકલ પધારે છે. કોઈ કબ્રને નમન કરે છે, તો કોઈ દર્ગાહ સમક્ષ સાષ્ટાંગ પ્રણીપાત (સજીદા) કરે છે. કોઇ કબ્રને ચુંબન વડે આદર કરે છે તે કોઈ કબ્ર ઉપર દીપક પ્રગટાવે છે. કોઇ મજાર ઉપર ફૂલ ચઢાવે છે તો કોઈ તેની પાસેથી પોતાના ગુનાહોની મુઆફી માંગતા જોવામાં આવ્યા કરે છે."

આ લેખના લેખક મોલવી સાહબ મુસલમાનોના એક પેટાભેદ વાહબી સંપ્રદાયના છે. તેઓ બીજા મુસલમાનોને કાફિર કહે છે; જ્યારે બીજા મુસલમાનો વાહબીઓને મુસલમાન જ નથી માનતા. મુસલમાનોમાં મૂર્તિપૂજા હતી, અને મૂર્તિપૂજાની જુદી જુદી વિધિઓ વિધાનો પણ નીમ્ન પુસ્તકોમાં છે. મુસલમાનોની મૂર્તિપૂજા અને તેની વિધિ જાણવા ઇચ્છનારાઓએ આ ગ્રંથો જરૂર જોઈ જવા જેવા છે. Pagan Survivals in Mohammedan Civilisacion by Edward Wester mack, Herklot's islan in indid. અને Indian islam by Murray T. Titus. Fh. D. D. D. (ઠક્કર નારણજી વિસનજી એ લખેલ જ્યોતિર્લિંગ સોમનાથની મૂર્તિ લેખ) આદિ ગ્રંથો જોવા. ભારત વર્ષમાં મૂર્તિ પૂજા કાંઈ નવીન નથી. જૈન ધર્મની દૃષ્ટિએ તો આ સંસારમાં અનાદિકાલથી મૂર્તિપૂજા પ્રચલિત છે. અને સ્થાનક માર્ગિઓ પણ શાશ્વત મૂર્તિઓ છે એમ તો માનેજ છે. પરન્તુ હિન્દુઓમાંયે પ્રાચીનકાલથી મૂર્તિપૂજા છે જ એમ નીચેના લેખથી સ્પષ્ટ જણાઇ આવશે.

"એમાં તો કોઇ પણ પ્રકારની શંકા છે જ નહિં. ભારત વર્ષમાં હિન્દુઓ દ્વારા શિવલિંગ પૂજાનો વિધિ અત્યંત પ્રાચીનકાળથી થતો આવ્યો છે. અને અત્યારે સિન્ધુ

શ્વેતાંબર જૈન ધર્મમાં મૂર્તિ પૂજાનું વિધાન છે. પરન્તુ અમુક ગુણસ્થાનક સુધી જ, પછી દર્શનનું વિધાન છે. અને ત્યાર પછી ઉંચી હદે પહોંચેલા જીવ માટે પણ અમુક મર્યાદા મુકી છે. અર્થાત્ સ્યાદ્વાદના સિદ્ધાન્તનુકુલ જ તેનું પ્રતિપાદન છે. જેમકે પૌષધધારી શ્રાવક દર્શન કરે, તે પૂજન ન કરે. એવીજ રીતે સાધુઓ માટે પણ અમુક વિધાન છે. જ્યારે સ્થા. સંપ્રદાયે બાલજીવોથી માંડીને ઉચ્ચ કોટીના સાધુને માટે પણ એકજ નિયમ બનાવ્યો છે. પરિણામ એ આવ્યું કે મુખેથી જીન-મૂર્તિની પૂજાનો વિરોધ કરવા છતાંયે અનેક મિથ્યત્વી દેવ દેવીઓની ઉપાસના વધી, ગુરૂઓની સમાધિ અને પાદુકાઓ વધી, તેમજ સ્થા. સાધુઓમાં પણ એક યા બીજી રીતે મૂર્તિ ઉપાસના આવી ગઇ છે. એટલે એક મૂર્ત-પૂજાના વિરોધ સાથે બીજા ઘણા વિરોધો ઉપસ્થિત થયા છે. અને એનો પરિહાર થવો અશક્ય થઈ ગયો છે. પરિણામે જીનશાસનમાં પોતાને માનવા છતાંયે જીનાજ્ઞાનો ખુલ્લો ભંગ કરી રહ્યા છે. આ બધું લક્ષમાં લઇ સ્થા. સમાજના હિતૈષી, સત્યપ્રેમી મહાનુભાવોની ફરજ છે કે સમાજને સત્યમાર્ગ ઉપદેશે. અન્તમાં આ લેખ સદભાવનાથી પ્રેરાઇને જ લખ્યો છે. સ્થા. સમાજના મહાનુભાવો મારા આશય અને સદભાવના લક્ષ્યમાં લઈ સત્યમાર્ગે વળે, એ શુભેચ્છા પૂર્વક વિરમું છું.

---

**'મુઅનજોધડો'** નામક પ્રાચીન સ્થાનમાં જે વિશાલતમ પ્રાચીન નગરના **અવશેષો** મળી આવ્યા છે, તે અવશેષોમાં શિવલિંગો પણ વિદ્યમાન હોવાથી અને એ નગરના અસ્તિત્વના સમયને **આજથી લગભગ આઠ હજાર** વર્ષ જેટલો પુરાતન માનવામાં આવેલો હોવાથી, એ ઘટના શિવલીંગ પૂજાની પ્રાચીનતાને નિર્વિવાદ સિદ્ધ કરી રહી છે. એજ પ્રમાણે અરબસ્તાનમાં પણ પ્રાચીનકાળથી શિવલિંગ મૂર્તિ તેમજ અન્યાન્ય દેવોની માનવાકૃતિ મૂર્તિઓની પૂજાનો વિધિ, ઇસ્લામ તથા મુહમ્મદ પયગંબરના આગમનના સમય પર્યન્ત ચાલતો આવેલો હોઇને વિદ્યામાન હતો. એ સત્ય સ્થિતિ તો મુસ્લીમોના ગ્રંથોમાં પણ વિસ્તારપૂર્વક વર્ણવાયેલી છે, એટલે એ માટે અન્ય પ્રમાણોની આવશ્યકતા છેજ નહિં.

"ઇસ્લામના આગમનના પૂર્વે અરબસ્તાનનો મૂર્તિપૂજક અરબ સમાજ સંપૂર્ણ સભ્ય હોઇને હિન્દુ સમાજ જેવો હતો. અને પોતાની ઉત્કૃષ્ટ હિન્દુ સંસ્કૃતિ ધરાવતો હતો. માત્ર એટલુંજ નહિં પણ એમ કહેવાય છે કે અત્યારના સમયમાં પણ અરબસ્તાનના એક વિશિષ્ટ પ્રદેશમાં એક એવો અરબ માનવ સમાજ અસ્તિત્વ ધરાવે છે, કે જેણે અત્યાર સુધી ઇસ્લામના સંપર્કથી અલિપ્ત રહીને, પોતાના પ્રાચીન પ્રતિમા પૂજન યુક્ત ધર્મને જ અવિચળ રાખ્યો છે. અને પોતાની ધાર્મિક તથા સામાજીક સ્વતંત્રતાનો લેશ માત્ર લોપ થવા દીધો નથી. (જ્યોતિર્લિંગ સોમનાથની મૂર્તિ, ઠક્કુર નારણજી વિસનજી (ગુજરાતીની ઐતિહાસિક પૂર્તિ લેખાંક છઠ્ઠો.) સ્થાનક માર્ગી મુમુક્ષુમહાનુભાવો આ વાંચી વિચારી સત્ય સમજે. અને સત્ય સ્વીકારે એટલા માટે જ આ લેખ રજુ કર્યો છે.

# મંદાક્રાન્તા.

(રચયિતા મુની વિનયવીજય—આંત્રોલી)

જેને દેખી શ્રુત ધર બહુ, પૂર્વનાં યાદ આવે.
જેનાં પ્રત્યે સકલ જનતા, માન મોટું ધરાવે.
નામે જેનાં નિયમ ધરતાં, દીલડાં વિકસાવે.
એવા સુરી વલ્લભ ચરણે, હું નમુપૂર્ણ ભાવે. (૧)
જે ભાનુનાં કિરણ જગમાં, બ્રહ્મ તે જે તપે છે.
જે તેજેથી હૃદય સઘળાં, દિવ્યતાએ દીપે છે.
જ્યોતિ જેની અગણુ ભવનાં, અંધકારો હરે છે.
એવા સુરી વલ્લભ ચરણે, ચિત્ત મારૂ ઠરે છે. (૨)
સિદ્ધાંતોમાં સુર ગુરૂ સમો, ભાવ સર્વે કહે છે.
જે ભાવોમાં પરમ પદની, શાંતિ સત્વો રહે છે.
ચિત્તે જેને અહર નિશહા, ન્યાય શાસ્ત્રો રમે છે.
એવા સુરી વલ્લભ ચરણે, શિષ્ય પ્રેમે નમે છે. (૩)
પાલ્યું જેને કઠીણુ તપ તો, નૈષ્ટિક બ્રહ્મચર્ય.
ધાર્યું દિલે વિપત વખતે, શસ્ત્ર ધર્મજ્ઞ ધૈર્ય.
ફેલાવ્યો છે વિજય વિજયે, વિરનો ધર્મ ભાવ
એવા સુરી વલ્લભ ચરણો, સેવવા થાય ચ્હાવ. (૪)
દિપાવ્યું છે વણિક કુળને, વર્ષ મુનિ શશાંક.
ઈચ્છા દેવી જનની દીપચ્યાં, તાત શ્રી દીપચંદ
તારી જન્મી વટપુર ભૂમિ, વૈભવો મોહત્યાગી.
એવા સુરી વલ્લભ ચરણોનો, બન્યો છું હું રાગી. (૫)
જેના જ્ઞાને નિપુણ ગુરૂ છે, વિજયાનંદ સુરી.
વિદ્યા ભણી ચતુર્વિધને, વીર શાસ્ત્રોય પુરી.
શોભાવ્યું છે પરમપદ, આચાર્યથી આચાર્ય જેણે
એવા સુરી વલ્લભ ચરણો, નીરખું નિત્ય નયણે (૬)
ઉધાર્યાં છે અધમ મનુષ્યો, મોહ મત્સે ભરેલાં.
દેશો દેશ વિચરી પ્રણુયે, તાપ ત્રણે તપેલા.
બોધ્યા ધર્મો નિર્ભય પણે, સત્ય પંજાબ દેશે.
એવા સુરી વલ્લભ ગુરૂના, ગુણ ગાઊ વિશેષે. (૭)

વાણીમાં છે મધુર મૃદુતા; દિલ સહુને બનાવે.
આ દેશે છે વિમળ દ્રઢતા, કર્મ બંધો હઠાવે.
આકર્ષે છે અડગ તપસ્યા, ધાર સુધા વહેતી.
એવા સુરી વલ્લભ ચરણે, સ્થિર વૃત્તિ રહેતી. (૮)
કાપો મ્હારાં કિલમીશ, પ્રભુ દાસનો દાસ હું છું.
વિસ્તારીને પ્રભુમય પ્રભુતા, દિલે એ ચહું છું.
આવ્યો શરણે વિનય વિનયે, મુગ્ધ ભાવે કરીને.
રાખો નિત્યે નજર સમીપે, સ્નેહ ઊરે ધરીને. (૯)

# સેવા ધર્મનું સત્ય સ્વરૂપ

લેખક મુનીરાજ શ્રી પ્રેમવીમળજી મહારાજ. (મુ. કોટા રાજપુતાના)

સેવા ધર્મને શાસ્ત્રકાર મહારાજાઓએ દુર્લભ મનાવેલ છે. એ વસ્તુ સંપૂર્ણ સત્ય છે. પરંતુ સાથે એ પણ જણાવેલ છે કે–એ સેવા ધર્મનો સદુપયોગ કરનાર મનુષ્ય જ ફક્ત સંપૂર્ણ સુખને પામી શકે છે. દુરાચારી દુર્જનોની સેવા કરવી એ વસ્તુ જો ઉત્તમ મનાય તો સદાચારી અને સદ્ગુણી મનુષ્યની કિંમત પણ શું છે? એ પ્રશ્ન અવશ્ય ઉપસ્થિત થવા પામશે. એ બીના જો શ્રેષ્ઠપણે સમજાઇ જાય તો આજે સ્વાર્થી મનુષ્યો સેવા ધર્મનો દુરૂપયોગ કરવા તૈયાર બનેલ છે તે કદાપી બનવા પામે નહિ. ફક્ત સંસારનેજ સર્વ શ્રેષ્ઠ સમજી સદાકાલ એ અસાર સંસારનું સંપૂર્ણ સેવન રાચીમાચીને તીવ્રપણે કરનારાઓ, વિના લાયકાતે અન્ય મનુષ્યો પાસે સેવા–ચાકરી કરાવવાને ઇચ્છે, અને તેથી તે નિર્વિવેકી મનુષ્યોને કોઇ વિચારશીલ વ્યક્તિ સદાચાર અને સંયમના શત્રુ સ્વરૂપે માનવા તૈયાર થાય, તો તેમાં ખોટું શું છે? યાદ રાખવાની જરૂર છે કે ગરીબ અને નિરાધારો પ્રત્યે દયા–અનુકંપાબુદ્ધિ પ્રકટાવી યથાશક્ય સહાયરૂપ થવું એ વસ્તુને જેમ જેમ શાસ્ત્રકારોએ અનુકંપાદાન મનાવેલ છે, તેમ સાથે સુચારીત્ર સંપન્ન મુનિરાજોની સેવા–ભક્તિ કરવી તે વસ્તુને પણ સુપાત્ર દાન સ્વરૂપેજ સમજાવેલ છે. આ અનુકંપાદાન અને સુપાત્ર દાન વચ્ચે રહેલ તફાવત સમજાવતાં દાન કલ્પદ્રુમ ગ્રંથમાં જણાવે છે કે:—

**अभयदानं सुपत्तदानं, अणुकंपा उचियकित्तिय दाणंच,**
**दोहिंपि मुक्खो भणिओ, तिन्निवि भोगाइ आयिन्ति.**

અર્થ—દાન પાંચ પ્રકારનાં છે. અભયદાન–સુપાત્રદાન–અનુકંપાદાન–ઉચીતદાન અને કીર્તિદાન; તેમાં પ્રથમનાં બેદાન મોક્ષ ગતિ દેનાર છે. અને બાકીનાં

ત્રણ દાન સંસારી ભોગો દેનાર છે. આ પ્રમાણે આ શ્લોકનું રહસ્ય સમજનાર જરૂર સમજી શકે તેમ છે કે પ્રથમનાં બે દાન પૈકી સુપાત્ર દાન મોક્ષ ગતિને દેનાર થાય છે, ત્યારે બાકીનાં ત્રણ દાન પૈકી અનુકંપાદાન એ સંસારનાંજ ભોગ સાધન પ્રાપ્ત કરાવનાર છે. અને તેથી સંસારને સંતાપરૂપ સમજનારાઓ માટે સુપાત્ર દાન જ શ્રેષ્ઠ કલ્યાણકારી છે. સાધુ મુનીરાજોને સુપાત્ર સ્વરૂપે શા કારણે સ્વીકારવામાં આવેલ છે તે બીનાનું યથાર્થ સ્વરૂપ જો સમજવામાં આવે, તો આજે સાધુ મુનીરાજોની સરખામણી હલકા અને તુચ્છ મનુષ્યો સાથે અવિવેકી મનુષ્યો કરવા તત્પર બને છે, તે કદાપી સંભવે નહિંજ. સિંદુર પ્રકરણ ગ્રંથે શ્રી સોમપ્રભાચાર્ય મહારાજા ફરમાવે છે કે—

पितामाता भ्राता, प्रियसहचरि सूनु निवहः,
सुहृत्स्वामि माद्य, त्करिभटरथाश्वपरिकरः,
निमज्जं तं जंतुं, नरक कुहरे रक्षितु मलं,
गुरोऽर्धमाऽधर्मे, प्रकट न परात्कोपि न परः

અર્થ—પિતા, માતા, બંધુ, વ્હાલી પત્નિ, પુત્ર, સંબંધી કે સ્વામી તથા ભટ-રથ-ઘોડા વિગેરે પરીવાર, જીવોને પુણ્ય પાપ વિગેરે સમજાવી નરક ગતિથી બચાવવાને શકિતમાન થઈ શકતાં નથી. પરંતુ એક ગુરૂ મહારાજ જીવોને ધર્મ અને અધર્મનું સ્વરૂપ પ્રકટ રીતીએ સમજાવી શકે છે. તે સિવાય કોઈ શક્તિમાન નથી.

विना गुरुभ्यो गुणनिरधीभ्यो, जाणाति धर्मं न विचक्षणोऽपि;
आकर्ण दीर्घा ज्वल लोचनोऽपि, दीपं पश्यति नांधकारे.

અર્થ-ગુણનિધી ગુરૂ મહારાજ વિના વિચક્ષણ મનુષ્ય પણ ધર્મ વસ્તુને જાણી શકતો નથી, જેમકે મોટી અને ઉજ્જવલ આંખોવાલો મનુષ્ય દિવા વિના અંધકારમાં પણ દેખી શકતો નથી.

यथा खात्वा खनित्रेण, भूतले वारि विन्दति,
तथा गुरु गतां विद्यां, शुश्रूषुरधिगच्छति.

અર્થ-જેમ જમીન ખોદવાના સાધનથી ખોદનાર મનુષ્ય પાતાલનુ પાણી પીવા સમર્થ બને છે. તેમ ગુરૂ મહારાજની સેવા કરનાર મનુષ્ય ગુરૂ મહારાજ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરે છે.

एकमेवाक्षरं यस्तु, गुरुः शिष्यं प्रबोधयेत्,
पृथिव्यां नास्ति तत् द्रव्यं, यद्दत्त्वा चानृणी भवेत्.

અર્થ-જે ગુરૂ મહારાજ શિષ્યને એક પણ અક્ષરનો ઉપદેશ કરે છે તેનો

બદલો વાળવા માટે જગતમાં એવું કોઇ પણ દ્રવ્ય નથી કે જે આપીને શિષ્ય રૂણ મુકત થઈ શકે. આ શ્લોકોનું રહસ્ય સમજનાર મનુષ્ય સુંદર રીતી એ સમજી શકે તેમ છે કે, ગુરૂ મહારાજ કે જે સાધુ મુનીરાજના સ્વરૂપમાં છે તે કોઇ સામાન્ય મનુષ્ય નથીજ. પરંતુ જગતના જીવોનું પરમ કલ્યાણ કરનાર શ્રેષ્ઠ વ્યક્તિ છે. પુત્ર સારી દુનીયાની સેવા કરવા શક્તિમાન હોય પરંતુ માતા પીતાનો ઉપકાર માનવા સાથે, એજ માતા પીતા પ્રત્યે પૂજ્ય ભાવ દર્શાવી પોતે સેવા-ભકિતની ઉપેક્ષા કરવાનું પસંદ કરે તો, તે પુત્ર ખરેખર પત્થર તુલ્ય મનાય છે. અત્યંત કષ્ટો સહન કરી માતા પીતા વાત્સલ્ય ભાવથી પુત્રનું પોષણ કરવા છતાંય, એજ પુત્ર બેવફા બનવાનું યોગ્ય માને તો, તે પુત્રને જગત એક 'કપુતપુત્ર' તરીકે પીછાણે, તેમાં આશ્ચર્ય શું છે ? એજ પ્રમાણે ટાઢ-તડકો-ભૂખ તરસાદિ અનેક પરીષહો સહન કરી, જગતના મનુષ્યોને ધર્મોપદેશ સુણાવવાની પ્રબલ આકાંક્ષાઓ સેવનાર સાધુ મુનીરાજો પાસે, એમના અપૂર્વ ઉપકારના બદલામાં સેવા-ચાકરી કરાવવા ઈચ્છવું, તે ખરેખર સ્વજાતિને સત્યાનાશને પંથે મૂકવા બરાબર છે. તે અંગે ઉપદેશશતક નામે ગ્રંથમાં રજા-શતકમાં ફરમાવે છે કે-

**मातापितृभ्यामपि जन्मदाभ्यां, ज्ञानप्रदोऽसौ गुरुरन्यएव;**
**दुष्कर्म मूलं क्रियतेयदाभ्यां, तदैव मुक्तयैगुरुणा शरीरम्.**

અર્થ-જન્મ દેનાર માતાપીતાથી પણ જ્ઞાન દેનાર ગુરૂની કિંમત વધુ છે. જે શરીર દુષ્કર્મો કરાવનાર છે તે ફક્ત માતા પીતાથીજ બનેલું છે, દુષ્કર્મ કરાવનાર શરીરને પણ ગુરૂ મહારાજ મોક્ષના કારણરૂપ બનાવે છે એટલે કે ગુરૂજ મોક્ષ પમાડી શકે છે.

અપૂર્ણ

---

# "શ્રી પાર્શ્વનાથજી અષ્ટોત્તરસયનામાષ્ટક"

(રચયિતા-દુર્લભજી ગુલાબચંદ મહેતા, વળા.)

(સવૈયા—એકત્રિંશા)

કેશરીઆજી, કુર્કટેશ્વર, કલિકુંડ, કાપરડા, નામ,
કાશી, કુંડલપુર, કંબોઈ, કરહડા, કલ્યાણ, પ્રણામ;
કોકા, કંકણ ખોહામંડન, ખામણા ગુપ્ત, ગિરૂઆ, નામ,
ગોડી, ગાલ્લવીઆ, ગંભીરા, ધૃતકલ્લોલ, ઘીયા, પ્રણામ. ૧

ચિંતામણિ, ચારૂપમંડન, ચેલ્લણ, જગવલ્લભ, પ્રભૂ નામ,
જશોધરા, જોટવા, જથડીયા, જગન્નાથપુરી, જિન પ્રણામ,
જીરાવલા, ટાંકલા, ડોહલા, ડોસલા, તીવરી, જિન નામ,
દૌલતી, દોકડીયા, દાદા, નવખંડા, નવલખા, પ્રણામ. ૨

નવસારી, નવફણા, નવપલ્લવ, નાગફણા, નાકોડા, નામ,
નરોડા, નવનિધિ, પલ્લવીઆ, પુષ્કરાવૃત્ત, પોસીના, પ્રણામ;
પંચાસરા, પોસલીંઆ, પરોલી, પાર્શ્વફલોધિ, બલેજા નામ,
બદ્રિકેદાર, ભટેવા, ભાભા, ભદ્રેશ્વર, જિનરાજ પ્રણામ. ૩

ભીંલડીયા, ભીડભંજન, મુહરી, મુંડેવા, મોઢેરા, નામ,
મનવાંચ્છિત, મહાદેવ, મનોરથ, કલ્પદ્રુમ, મગસીજી, પ્રણામ,
મનરંજિત, મહિમપુરાજિન, મનમોહન, મનરંજન, નામ,
રાવણ, રૂદ્રવા, રાણકપુર, લોટાણા, લોદ્રવા, પ્રણામ. ૪

લોઢણા, વહી, વાડી, વરકાણા, વલી વિજયચિંતામણિ નામ,
શામળા, સમીના, સોગટિઆ, સમેતશિખર, જિનરાજ પ્રણામ,
સહસ્રફણા, સહસ્રકુટ, સાંકળા, સાંવલા, સુખદંતી, નામ,
સુરજમંડણ, સોમચિંતામણિ, સુખસાગર, સેસલી, પ્રણામ. ૫

સપ્તફણા, સમેરીયા, સ્થંભન, સેસફણા, સ્વયંભૂ નામ,
સુલતાના, સેરીસરાજિન, સંખેશ્વર, અમીંજરા, પ્રણામ,
અજાહરા અહિછાત્રાસ્વામી, અંતરિક્ષ, અવંતિ, નામ,
ઉપસર્ગહર, પાર્શ્વપ્રભુના, અષ્ટોત્તરસય નામ, પ્રણામ. ૬

જન્મ કલ્યાણક પોસ દસમ દિન, વિધિ સહિત આરાધે જેહ,
જરૂર સમાધિ મરણે જાતા, પરભવ સુધારે ભાવિ તેહ,
ૐ હ્રીં પાર્શ્વનાથાય નમઃ ના, અષ્ટોત્તર સય જાપ પ્રભાત,
અહર્નિશ ગણુતા જેહ ભવિજન, રોગ સોગ નાસે વ્યાઘાત. ૭

ઉદ્ધર્યો અધબળતા, પન્નગને, આખર સમય દઇ નવકાર,
ઓગણી સત્તાણું વિક્રમમાં, જપવાને એ જગદાધાર,
પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથની, બુકથી ઉદ્ધરતા એ નામ,
મૂળ નાયક વળા જિન[1] મન્દિર, કર્તા દુર્લભદાસ પ્રણામ. ૮

નોટ—૧ વળા ગામના દેરાસરજીમાં મૂળનાયકજી શ્રી પાર્શ્વનાથ ભગવાન છે.

# સંસાર ચિતાર અને મુક્તિના સુખ.

લેખકઃ—મુનિ રામવિજયજી (આ. વિજયનેમિસૂરીશ્વરજીના પ્રશિષ્ય)

(ઝેર ગયા ને વેર ગયા વળી કાળા કેર ગયા કરનાર. એ રાગ)

ભીમા અટવી નામે જંગલ, સંસાર વનની ઉપમા જોય.
મધ્યસ્થાને નગરી સારી, વાસભુવન નામે તે કોય.
કર્મ પરિણામિ મંડલિક રાજા, રાજ કરે છે લીલા વિશેષ.
હય ગય રથને પાયદળ સારૂં, મિથ્યાત્વાદિ ચાર ધરેશ. (૧)
સુખ દુઃખ ભોક્તા કર્મ પ્રમાણે,શાતા અશાતા ઉદય વિપાક.
મધુ લિપ્તથી ખડ્ગની ધારા, ચાટતા સુખદુખ ધરે અનેક.
મૃગયા ખેલે વક્ર અશ્વથી, બોધ ન લીધો કલા વિવેક.
પ્રચંડ વેગે ભીમ અટવીમાં, ભૂલો ભમે છે એકા એક. (૨)
ક્ષુધા તૃષા ઉદય અશાતા, મધ્યાહ્નકાલે દુઃખ અપાર.
નિર્જન જંગલ વનચારીનું, ગજ વાઘોનો ઘણો પ્રચાર.
વડ વૃક્ષની વડવાઈ ઝાલે, વક્ર અશ્વની ગતિ અજબ.
દુઃખના દરીયા કલ્લોલ ચડીયા, કર્મતણી હાલતો ગજબ. (૩)
પુન્ય પસાયે આયુષ્ય દોરી, સાંધે ગોપાળ મૂર્ખો પાંચ.
રૂખડ લખમણ રાજો ભોજો, માનો આવે નાવી આંચ.
અલ્યા મુર્ખા કયાંથી આવ્યો, રાંડના અક્કલ નથી લગાર.
રોટલા મરચું પાણી આપ્યું, હાથ સોનાના જીભ કુઠાર. (૪)
સ્પર્શ રસ ગંધ વર્ણ શબ્દો, પાંચ વિષયો પંચ મુરખા માન.
આપે શાતા વિપાક અશાતા, અધ્યાતમ ગીતાએ ગાન.
રાજા પુનઃ જીવન પામ્યો, આનંદ ઉલ્લસ્યો હૃદય મોઝાર.
ઘણું ઘણું વિનવે નમ્રપણાએ, પધારજો અમ રાજ દરબાર. (૫)
એક દિન પાંચે મળી સિધાવે, ડાંગો પાંચે એકેકે હાથ.
શહેર વ્યવહારો નગરો નીતિ, અલ્પ નહિં છે ગતિ વિનાથ..
બંદર સરખા માનવ જાતિ, દેખો ભૈયા પુચ્છ વિહીન.
લહિયા લખતાં કલમો અટકે, વગર પૈસાનું નાટક તાન. (૬)
કાંછે કાંછે રાજા ભોળો, ઘર બતાવો ભરે બઝાર.
રોટલો આપી જીવન આપ્યું, નહિંતર જોતો યમ દરબાર.
રાજા આપે શાંતિભુવને, ઇંદ્રો જેવા આસનસાર.
ખાનપાન વળી મીઠા મેવા, નામજ લેતાં નાવે પાર. (૭)

અપૂર્ણ

# અર્હત દર્શન અને ઈશ્વર.

લેખક: મણીશંકર કાળીદાસ વૈદ્યશાસ્ત્રી. (જામનગર)

ભારતના સર્વ દર્શનોને મૌલિક તરીકે જે પશ્ચિમની પ્રજા સ્વીકારે છે, તે તેનું મૌલિકત્વ એ ઈશ્વર, જીવ અને કર્મ આ ત્રણે તત્ત્વોનું ગંભીર તત્ત્વજ્ઞાન છે. ઇશ્વરાદિ જેવું એક મહાન તત્ત્વ છે, એમ એક ચાર્વાક સિવાય જગતના સર્વ દર્શનો સ્વીકારે છે. અને કોઈ પણ દેશનું તત્ત્વ શાસ્ત્ર ઈશ્વર તત્ત્વને સ્વીકારવામાં સંમત ન હોય તો, ભારતીય દર્શનશાસ્ત્ર, તેને નાસ્તિક ગણશે.

નાસ્તિક શબ્દનો પ્રયોગ આજે વાસ્તવિક રીતે થતો નથી. પણ ભારતના સર્વ દર્શનો પોતાનાથી બીજા દર્શનોના ઉપાસકોને નાસ્તિક અગર તો તેવાજ અર્થસૂચક શબ્દથી સંબોધે છે.

અર્હત્ દર્શન વિષે વિચાર કરીયે તો તેમાં પણ ઇશ્વરતત્ત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે. અર્હત્ દર્શન ઈશ્વરતત્ત્વનો એવો સુંદર નિર્ણય આપે છે કે તે બુદ્ધિ ગ્રાહ્ય પણ થઇ શકે છે. છતાં વૈદિક સંપ્રદાયોમાં જૈનોને નાસ્તિક તરીકે માનવામાં આવ્યા છે. તે કઇ દૃષ્ટિએ હશે તે કલ્પી શકતા નથી. વૈદિક સંપ્રદાયમાં નાસ્તિકની વ્યાખ્યા કરતાં જણાવે છે કે **नास्तिको वेद निंदकः** વેદની નિંદા કરનાર નાસ્તિક છે, આ દૃષ્ટિએ તો બૌદ્ધ દર્શન પણ નાસ્તિક ગણી શકાશે. કારણકે બૌદ્ધ દર્શન અને જૈન દર્શન બંને એ વૈદિક હિંસા પ્રાધાન્ય, અને સાવદ્ય પ્રવૃત્તિ પ્રાધાન્ય કર્મમાર્ગ સાથે ન્યાયપૂર્વકનો સિદ્ધાંતિક વિરોધ કર્યો છે. તેટલાજ વિચારથી જો જૈન દર્શન પ્રત્યે તેમનો કટાક્ષ હોય તો અમારે વૈદિક પરિવારને સ્મરણ કરાવવું રહેશે કે, નિવૃત્તિ પ્રાધાન્ય તત્ત્વજ્ઞાનને સહાયક ઉપનિષદોએ પણ વૈદિક ક્રિયા શુન્ય અને હિંસા પ્રાધાન્ય કર્મકાંડ સામે બળવો પોકાર્યો છે. એટલુંજ નહિ પણ પૂર્વ મિમાંસકોનાં કર્મ અજીર્ણની ચિકિત્સા તેજ ઉત્તર મિમાંસા છે. એમ જો તમો સ્વીકાર કરો તો અર્હત્ દર્શનને નાસ્તિક કહેવા પૂર્વે તમારે વિચાર કરવાનો રહેશે.

## અન્ય દર્શનોની ઇશ્વરના અસ્તિત્વ માટેની માન્યતા

આ દૃષ્ટિએ પડતું અનંત વિશ્વ જે વિધવિધ કલા અને ઐશ્વર્યથી ભરપુર છે. તેમજ આકાસ અને તેમાં વિલસી રહેલા ગ્રહ નક્ષત્રાદિ સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, પાણી, પવન, પશુ પક્ષી આદિની વિવિધતા વિગેરેનું નાટક જોતાં આ સકલ વિશ્વનો કોઇ ઉત્પન્ન કરનારો છે. અને આ સકલ વિશ્વનું સંચાલન પણ તેજ સત્તા કરી રહેલ છે. આવી એક સામાન્ય માન્યતા આજે સૌ કોઇ માને છે. આ સર્વનો કોઇ પણ વિધાતા–સૃષ્ટા છે. અને જે સૃષ્ટા છે તેજ ઇશ્વર છે. ભલે આપણે તેને પ્રત્યક્ષ જોઈ શકતા નથી. છતાંય આ તમામ સંચાલન કર-

નાર ઇશ્વરનેજ કહેલ છે. આ માન્યતા કેવળ એકલી હિંદુ સમાજની નથી. પણ હિંદુ સમાજની આ માન્યતામાં ખ્રીસ્તીઓ, યાહુદીઓ, ઇસ્લામી આદિ સૌ કોઈ પોતાની સંમતિ આપે છે. અને આવા સૃષ્ટિના ઉત્પન્ન કરનારનેજ ઇશ્વર તરીકે સ્વીકારે છે.

## ન્યાય દર્શન અને ઇશ્વર

ભૂતકાલમાં ભારતીય દર્શનો અનેક યુક્તિપૂર્વક ઇશ્વરકર્ત્તાવાદને દૃઢ કરતા હતા. અને ગૌતમ મુનિ ન્યાય દર્શનકાર એ ઇશ્વરકર્ત્તાવાદના મહાન ઉપાસક અને પોષક માનવામાં આવ્યા છે. ન્યાયદર્શન આદિ ઇશ્વરતત્ત્વને તેઓ એ રીતે સ્વીકાર કરે છે કે આ વિષે ન્યાયદર્શન માટે ભાવાર્થ જણાવે છે કે **विवाद पदभूतम् मुभूधरादि बुद्धिमद्विधेयम् यतो निमित्ता धानात्म लाभम् यद् निमित्ता धानात्म लाभम् तद् बुद्धिमदविधेयम् यथा मंदिरम् तथा पुनरेतत् तेन तथा** પૃથ્વી, પાણી, પર્વત વિગેરે કાર્ય પદાર્થો છે. નિમિત્ત વશ એ ઉત્પન્ન થાય છે. નિમિત્તને લીધે તે ઉત્પન્ન થાય એટલે તેનો કોઈ એક કર્તા હોવો જોઈએ. દાખલા તરીકે મંદિર લઈયે, તો મંદિરનો નિર્માણ કરનાર કોઈ બુદ્ધિમાન હશે એમ સ્વીકાર કર્યા વિના ચાલી શકે નહિ. એજ પ્રમાણે પૃથ્વી, પર્વત વિગેરેનો એક બુદ્ધિમાન સૃષ્ટિ કર્તા છે, એમ સ્વીકારવું પડશે.

અહિં ન્યાય દર્શનને અનુકુળ શંકરમિશ્ર એક એવી દલીલ મુકે છે કે **एवं कर्मापि कार्यमपिश्वरे लिंग तथा हिं, क्षित्यादिकं सकर्तृत्वं कार्यत्मात् घटवदिति** ઘડો એક કાર્ય છે ( પદાર્થ છે ). કુંભાર તેનો કર્તા છે. એજ પ્રમાણે સૃષ્ટિ વિગેરે કાર્ય પદાર્થો છે. તેનો પણ કર્તા એક ઇશ્વર છે. અહિં આપણે સૃષ્ટિકર્તૃત્વ વિષે નિર્ણય કરવા ધારતા નથી પણ ઇશ્વરત્ત્વ તત્ત્વ વિષેનો નિર્ણય કરવાનો છે. પણ ન્યાયદર્શન ઇશ્વરતત્ત્વને સૃષ્ટિ કર્તા રૂપ જે સત્તા તેને ઇશ્વર માને છે એ નિષ્કર્ષ છે. ન્યાયદર્શનની માન્યતા પ્રમાણે પર્વત, પૃથ્વી આદિ કાર્ય પદાર્થો છે, અને તે સાવયવ છે. અર્થાત્ નાના નાના પરમાણુંઓનું તે સ્થુલસ્વરૂપ છે. અને હરેક પરમાણું અચેતન છે. તેથી તેનો સંયોજક એક ચેતનપૂર્ણ બુદ્ધિમાન કોઇ કર્તા જરૂર હોવો જોઇએ. આવા બુદ્ધિમાન કર્તાને જ ઇશ્વર તરીકે ન્યાયદર્શન સ્વીકારે છે

## શાંકરવેદાંત અને ઇશ્વર

શાંકરવેદાંત દર્શન એ પણ ભારત વર્ષનું તત્ત્વ દર્શન છે. વિદ્વાનોમાં અને પશ્ચિમના તત્ત્વજ્ઞોમાં વેદાંત દર્શનની સારી પ્રતિષ્ઠા છે. ભારત વર્ષમાં શંકરાચાર્યજીના સિદ્ધાંતને અદ્વૈત સિદ્ધાંત અથવા કેવલદ્વૈતવાદ કહે છે. ત્યારે શંકરાચાર્યજીના વિરોધીઓ, રામનુજ તેમજ વલ્લભાચાર્ય વિગેરે શંકરાચાર્યજીના આ સિદ્ધાંતને માયાવાદ કહે છે. ગમે તેમ તે આચાર્યોની પરસ્પરની વિરૂદ્ધ માન્યતાઓ હોય, આપણે તો માત્ર શાંકર વેદાંતની દૃષ્ટિએ ઇશ્વર તત્ત્વ વિષેની માન્યતા કેવી છે, તેજ માત્ર જોવાનું છે. અપૂર્ણ.

# રાધનપુરની વરખડીની પ્રાચીનતા.

લેખક–લક્ષ્મીચંદ પ્રેમચંદ.

આ પ્રતિષ્ઠા થઈ ગયાને કેટલોક કાળ વ્યતિત થયા બાદ થરપારકરનો પ્રદેશ યવનોના કાબુ તળે આવતા કદાચ યવનો જિન બીંબ પર પ્રહાર કરે તેવી દહેસ્તથી પ્રભાવિક પ્રતિમાને ગુપ્તપણે ભોંયરામાં રાખી, તેને ગોડીપુરના સોઢા ઠાકોરોના રક્ષણમાં સોંપી આપતાં ઠાકોરો ચમત્કારિ પ્રભુનુ શુરક્ષિત રીતે રક્ષણ કરવા સાથે અહોનીશ પૂજન ભક્તિ ગુપ્તતા જાળવી કરતા હતા. તેમજ યાત્રા દર્શન નિમીત્તે આવતા યાત્રાળુ વૃંદોને પૈસા લઈ દર્શન કરાવતા હતાં. ક્રમાંતરે વિક્રમ ઓગણીસમી સદીના અડધા શતક પછીના કાળમાં સદર પડિમા તે વખતના સોઢા ઠાકોર પુંજાજીના રક્ષકપણા નીચે ગોડીપૂરમાં હતાં. તેમણે મૂર્તિને એવી ગુપ્તપણે રાખેલ કે જેની કોઈને જાણ નહોતી. આથી એવું બન્યુ કે વિ. સં. ઓગણીસમી સદીના નવમા દશકાના આઠમા વર્ષ (સં ૧૮૮૮)માં એકદા ઠાકોર પુંજાજીને પરદેશ જવુ પડ્યું, અને અચાનક ત્યાંજ દેવ થતાં, અજાણપણાના લીધે તે દિનથી મહા મંગળકારી મૂર્તિ અલોપ થઈ ગયા, તેમ કહેવાય છે. સબબ કે સ્થાનિક સંઘે અનેક સ્થળોએ ખોદકામ કરાવી ખૂબ ખૂબ શોધ ખોળ કરી પરંતુ મુદલ પત્તો લાગેલ નથી.

આ શાન્તિવર્ધક પ્રતિમા માટે દંતકથા છે કે ગોડીપુરમાંથી મુર્તિ અલોપ થયા પછી અત્યંત શ્રદ્ધાવંત વ્યક્તિઓને સ્વપ્નમાં દર્શન આપેલ અને અમુક સંઘોને મોરવાડામાં સોઢા ઠાકરોએ માડકા આદિ સ્થળોએથી બીજી પાર્શ્વનાથની મુર્તિ લાવી અસલ મનાવી દર્શન કરાવ્યાના દાખલાઓ બનેલ પ્રચલિત અને સપ્રમાણ છે.

ઉપરોક્ત કથન સ્પષ્ટ પ્રકાશ પાડે છે કે, પાટણથી ગોડી–પાર્શ્વનાથની મુર્તિને ખરીદી, રાધનપુર પાદુકાની સ્થાપના કરાવી, ભુદેશ્વરપુર વિ. સં. ૧૪૨૦ની સાલમાં પહોચ્યાં. જયાં બાર વર્ષ પૂજન ભક્તિ કરી યક્ષના સ્વપ્નથી ભુદેશ્વરપુરથી વિ. સં. ૧૪૩૨ ના ફાગણ સુદિ ૨ ના બાંડાથલ તરફ પ્રભુ સાથેની વેલમાં પ્રયાણ કરી, વેરાન વગડામાં જ્યાં વેલ સ્થંભી, ત્યાં ગોડીપુર વસાવી. મેઘાશાએ રહેઠાણુ કરી ભવ્ય બાવન ગીરનારી જિનાલય બંધાવી. તેમાં વિ. સં. ૧૪૪૪ ની

સાલમાં કાજળશાએ પ્રતિષ્ઠા અને મૈયા તથા મેરાજે શિખર, ધ્વજદંડ આદિ ચઢાવ્યા બાદ લાંબા અંતરે યવનોના કાબુ તળે થલપારકર પ્રદેશ આવતા ગોડીપુરના સોઢા ઠાકોરોને રક્ષણુ માટે ગુપ્તપણે ભોંયરામાં રાખી સંઘે સોંપ્યા જેમણે વિ, સ. ૧૮૮૮ ની સાલ સુધિ સંઘને દર્શન કરાવ્યાં દરમિયાન એકદા પુંજાજી સોઢા સિંધ હૈદ્રાબાદ કોર્ટના કામે જતાં ત્યાં અચાનક દેવ થતા, અને બીજા કોઇ જાણુતા ન હોવાથી તે દિનથી મુર્તિ અલોપ થયાની દંતકથા છે. આ કથન પરથી સ્પષ્ટ માનવાનું કારણુ છે, કે રાધનપુરના ભીલોટી દરવાજા બહારની આજે જે વરખડી નામથી ઓળખાતું ગોડી-પાર્શ્વનાથ પ્રભુના પાદુકાની દહેરીવાળુ સ્થળ છે, તેજ સ્થળે પાટણુથી મુર્તિ લઈને મેઘાશા વિ. સં. ૧૪૨૦માં તઘલખ વંશના ત્રીજા નૃપતિ ફીરોજશાહના અમલ કાળમાં નગર પારકર ગયા ત્યારે પ્રસ્થાન કરેલ, અને દાણીને બતાવેલ ચમત્કારથી સંઘે દર્શન કરી તેજ સ્થળે તેજ સાલમાં પાદુકાની સ્થાપના કરાવી, સ્તૂપ (દહેરી) બનાવેલ સંભવે છે. આ રીતે આ ધાર્મિક સ્થાન રાધનપુરમાં પોણુા છસો વર્ષ પૂર્વનુ આવેલું સંભવે છે. જયારે રાધનપુર બાબી વંશના વહિવટ નીચે સત્તરમી સદીમાં આવેલ છે. એટલે બાબી રાજ્યના પૂર્વે આ ધાર્મિક સ્થાન રાધનપુરમાં સ્થાપન થયેલ માની શકાય એમ છે. અપૂર્ણ.

---

# "મનસાગરનાં મોજા"....

લેખકઃ—બાપુલાલ કાળીદાસ સઘાણી "વીરબાલ"

(અંક ૯ પૃ. ૨૫૩ થી અનુસંધાન)

મહાવીર માનવી! તારા પગ પર ઉભો થા! પુરૂષાર્થ અને પ્રેમ ખીલવીશ તેટલો તું મહાન!

શીવરમણી પોતાનો પ્રેમ દશાવવા હસ્તમાં કેવળજ્ઞાન કેવળદર્શનરૂપ પુષ્પમાળ કંઠમાં આરોપવા તૈયાર થઈને ઉભી છે. પણુ એ કંઠમાં આરોપી શકતી નથી. કારણુ? કારણુ એનો લાડીલો કંથ રાગમાં-મોહમાં રમણુ કરી રહ્યો છે. સ્ત્રી શોકયને સહન કરે ખરી કે? વીરના પ્રેમને યાદ કરી રડતા ગૌતમને વિવેક વિચાર ઉદ્ભવે છે. શોકને છોડી એકત્વ ભાવના ઉપર ચડે છે, ને શીવરમણી કંઠમાં માળા આરોપે છે. રાગને જીતવો મુશ્કેલ છે. તેથીજ રાગદ્વેષ રહિત અરિહંતને 'વીતરાગ' એવું નામ અપાયું છે.

ઓ મારૂં મારૂં કરનાર માનવી! વિચાર કર. તારૂં શું છે? પુત્ર, સ્ત્રી,

લક્ષ્મી ત્હારી સાથે આવશે ખરી? તું રખે એમ માનતો કે એ બધુ ત્હારી સાથે આવશે. મહાન સમ્રાટ સીકંદરનું વીલ પણ એની પછીના સમ્રાટે કબુલ ન રાખ્યું તો તારૂં શું ગજું! શા માટે તું મોહ રાખી રહ્યો છે? જેટલો મોહ તેટલું તું દુઃખ માનજે. મોહ છોડ ને એ મોહના બંધનમાં દુઃખી થતા સર્વને તું છુટા કર. અને તું દુઃખને આવ્યા પહેલાંજ અટકાવ. પાણી પહેલાં પાળ બાંધ.. ભલે હું કે તું જગતને આપણી કલ્પના મુજબ બનાવવા ચાહીએ પણ એ આપણો પ્રયત્ન નકામો છે, વ્યર્થ ફાંફાં છે. જગતના પ્રવાહને રોકવા કોઈ સમર્થ નથી. તો આપણે નકામી મહેનત શીદને કરવી? એના કરતાં આપણી સર્વ શક્તિ એના પ્રવાહનો વધારો કરવામાં શા માટે ન ખર્ચવી? કદાચ તે ન બની શકે તો બીજાને આડખીલી રૂપ તો નજ બનવું.

એકનો સિદ્ધાંત બીજાને માન્ય હોય યા ન હોય, એકની વ્હાલી ચીજ બીજાને અપ્રિય પણ હોય, રીંગણાં કોઈને ગરમ પડે ને કોઈને ઠંડાંયે પડે. જો એકનો સિદ્ધાંત સર્વને લાગુ પડતો હોત, એકની વ્હાલી ચીજ સર્વને વ્હાલી હોત, રીંગણાં સર્વને ગરમ કે ઠંડાં પડતાં હોત તો જગતમાં ચાલી રહેલા ધાર્મિક મતભેદ, પ્રિય અપ્રિયતા, રોગોની વિવિધતા નજ હોત. પણ એ ભિન્નતા તો દુનિયામાં પગલે પગલે નજરે પડે છે. પણ જે એ સર્વ મતભેદને સાંખી લે છે, કલેશ થવા દેતો નથી, તે ખરો ચતુર છે, તેજ ખરો વિચાર સહિષ્ણુ છે.

પ્રમાદ ન કરો, આળસ ન કરો, આળસથી આગળ પાછળનું કામ વધી જાય છે, પછી તારાથી બની શકતું નથી, તું કંટાળે છે અને દુઃખી થાય છે. તારા જીવનમાં આળસ ઘર ઘાલે છે. ને તારૂં જીવન મુડદાલ એટલે જીવતા મનુષ્યની કબર જેવું બને છે. આળસ છોડીને કર્તવ્યમાં જોડાઓ. આળસ અર્ધા રોગને નોંતરે છે એ યાદ રાખો. આળસને ખંખેરવી એ ખરી વીરતા છે. અને પુરૂષાર્થ એજ ખરૂં જૈનત્વ છે. આપણે કયારે ખરા વીર–જૈન બનીશું? એ ધન્ય દિવસ કયારે આવશે?

પારકી નકલ ના કરો. લખવામાં કે બોલવામાં, ચાલવામાં કે બેસવામાં, ખાવા કે પહેરવામાં પારકી રીત ના પકડો. તમારો માર્ગ તમેજ સ્વતંત્ર પસંદ કરો. તમારી સ્વતંત્ર પસંદગીમાંજ બુદ્ધિની કિંમત છે. આપણાથી વધુ બુદ્ધિ-વાળાની આપણે નકલ કરીએ તો પણ આપણી મુર્ખાઈ તેમાં દેખાયા વગર રહેજ નહિ. આપણી ટુંકી બુદ્ધિનો માર્ગ ભલે ટુંકો હોય તો પણ તે માર્ગજ આપણે માટે હિતકારી છે. બીજાની રીત તો આપણી મૌલિક્તાની માત્ર વિટંબના છે.

અપૂર્ણ.

॥ ॐ ह्रीँ नमोऽर्हद्भ्यः ॥

# सानुवाद्–जीवविचारप्रकरणम्

लेखक—मुनि दक्षविजयजी (राधनपुर.)

[ आर्या–वृतम् ]

मूल—भुवण–पईव वीरं, नमिऊणं भणामि अबुह–बोहत्थं ।
जीव–सरूवं किंचि वि, जह भणियं पुव्व-सूरीहिं ॥१॥
जीवा मुत्ता संसा,-रिणो य तस थावरा य संसारी ।
पुढवी-जल-जलण-वाउ,-वणस्सइ थावरा नेया ॥२॥
फलिह-मणि-रयण-विदुम-हिंगुल-हरियाल-मणसील-रसींदा ।
कणगाइ-धाऊ सेढी,-वन्निय-अरणेट्टय-पलेवा ॥३॥
अब्भय तूरी-ऊसं, मट्टी-पाहाण-जाईओ णेगा ।
सोवीरंजण-लुणाइ, पुढवी-भेया इ इच्चाइ ॥४॥

## પદ્યમય ભાષાનુંવાદ

મંગલા ચરણ અને ગ્રંથનો વિષય વગેરે.

ત્રણ[1] ભુવનમાં દીપ[2] સમ શ્રીવીરને વંદના કરી,
અબુધ[3] જીવના[4] બોધ માટે પૂર્વ સૂરી અનુસરી;
સ્વરૂપ જીવનું હું કહું તે સાંભળો હેજે[5] જરી[6],

(જીવોના મુખ્ય ભેદો)

મુકત[7] ને[8] સંસારી છે જીવ ભેદ બે મુખ્યે કરી. (૧)

(સંસારી જીવોના સામાન્ય ભેદ અને સ્થાવરના ભેદ)

ત્રસ[1] અને સ્થાવર મળી સંસારીના બે ભેદ છે,
પૃથ્વી પાણી અગ્નિ વાયુને વનસ્પતિકાય છે,

---

ટીપ્પણી—૧ સ્વર્ગ મૃત્યુ અને પાતાલ, અથવાઉર્ધ્વલોક અધોલોકને તિર્ચ્છીલોકરૂપ ધરમાં ૨ ભુવનનો અર્થ ઘર હોવાથી દીપકની ઉપમા છે, નહિતર સૂર્યની ઉપમા ઘટી શકત ૩ જીવસ્વરૂપથી અજાણ. ૪ પ્રાણોને ધારણ કરે તે, ચૈતન્ય લક્ષણવાળો અથવા જ્ઞાનાદિ ગુણવાળો જે હોય તે જીવ કહેવાય, તેનું. ૫ હર્ષથી ૬ કાંઇક. ૭ સિદ્ધ અથવા કર્મ રહિત. ૮ ચાર ગતિરૂપ સંસાર જેને હોય તે સંસારી. ॥૧॥

૧ સુખદુઃખની પ્રવૃત્તિ નિવૃત્તિ માટે સ્થાનાંતર પ્રાપ્તિની શકિતવાળા જીવો ત્રસ કહેવાય. અર્થાત્ ગરમી વગેરેથી તપેલાં જે જીવો, છાયા વગેરેમાં સ્વયં જાય, તે ત્રસ કહેવાય.

એ પાંચ ભેદો થિર રહે તે થાવરોના[2] થાય છે,

(બાદર પૃથ્વીકાયના ભેદ)

સ્ફટિક મણિઓ રત્ન પરવાળાં અને હિંગળોક છે. (૨)

હડતાલને[1] મણસીલ[2] પારો સ્વર્ણ[3] આદિ ધાતુઓ,
ખડી લાલ ધોળી માટી ને પાષાણુ પારેવો[4] જુઓ;
અબરખ [5]તુરી માટી અને પત્થર તણી ઘણી જાતિઓ,
ખાર [6]સુરમો [7]મીઠું આદિ **ભેદ** [8]**પૃથ્વીના** જુઓ. (૩)

**मूल—भोमतरिक्खमुदगं, ओसा·हिम-करग·हरितणू-महिया ।**
**हुंति घणोदहिमाई, भेयाणेगा य आउस्स ॥५॥**
**इंगाल-जाल-मुम्मुर,-उक्कासणि-कणग·विज्जुमाईया ।**
**अगणि जियाणं भेया, नायव्वा निउण·बुद्धिए ॥६॥**
**उब्भामग-उक्कलिया, मंडलि-मह-सुद्ध-गुंज-वाया य ।**
**घण तणु—वायाईया, भेया खलु वाउ—कायस्स ॥७॥**
**साहारण—पत्तेया, वणस्सइ जीवा दुहा सुए भणिया ।**
**जेसिमणंताणं तणू, एगा साहारणा ते उ ॥८॥**

(બાદર અપકાયના ભેદ)

[1] ભૂમિનું ને [2] ગગનનું જળ હીમ[3] ઝાકળ ને કરા,[4]
લીલી વનસ્પતિ ઉપરે જામેલ [5]જળબિંદુ ખરા;
ધુમસ ઘનોદધિ [6]આદિ **જળના ભેદ** ભાખે જિનવરા,

(બાદર અગ્નિકાયના ભેદ)

જાણુ અંગારા અને[7] જ્વાલા તણો અગ્નિ જરા. (૪)

---

૨ એકેંદ્રિયોના (જે એકેંદ્રિય તે સ્થાવર ને સ્થાવર તે એકેંદ્રિય બન્ને એકજ છે. ॥૨॥

૧ હડતાલ એ રસાયણી ખનીજ પદાર્થ છે. ૨ એ પણ રસાયણી ખનીજ પદાર્થ છે. ૩ સોનું રૂપું તાંબુ લોઢું જસત (તરવું) સીસું અને કલાઇ વગેરે ધાતુઓ કહેવાય છે. ૪ પારેવાજાતિનો પત્થર. ૫ એક જાતની માટી છે, જે કાપડને પાશ દેવામાં વપરાય છે; અથવા તુરી એટલે તેજંતુરી કે જે લોઢાના રસમાં નાંખવાથી લોઢું સોનું બની જાય છે. ૬ આંખમાં આંજવાનો ૭ દરેક જાતનું નીમક યા લવણ, જેવા કે સીંધવ વડાગરૂ ઘસીયું બીડલવણ કાચલવણ વગેરે ૮ ઉપયોગમાં આવતી એ સર્વ વસ્તુઓ, અસંખ્ય જીવોના અસંખ્ય શરીરોના પીંડરૂપ છે. તથા એક પૃથ્વી જીવ બહુ બારીક હોવાથી ઉપયોગમાં ન આવી શકે એ સ્વાભાવિક છે ॥૩॥

૧ કુવા વાવ વગેરેનું. ૨ વર્ષાદનું. ૩ વનસ્પતિ સૂકાઇ જાય અથવા બળી જાય એવું અતિશય ઠંડુ જળ, કે જે હાર કહેવાય છે. ૪ કૃત્રિમ અને કુદરતી બરફ. ૫ ભૂમિના ભેજનું. ૬ પૃથ્વીઓ અને વિમાનોની નીચે રહેલું નક્કર જળ. ૭ અગ્નિની શીખા. ॥૪॥

# जैन साहित्य में ग्वालियर.

लेखक—**मुनि कान्तिसागरजी ( सीवनी )**

आर्यावर्त के प्राचीन इतिहास में जैन इतिहास का महत्व पूर्ण स्थान है। अर्थातः भारत के इतिहास का मर्म जानने के लिये जैन इतिहास का अध्ययन अनिवार्य है, कारण यही प्रतीत होता है कि जैनियोंने मात्र धार्मिक ग्रंथ निर्माण केसे में ही अपने महान् कार्य की इति श्री नहीं समझी, अपितु अनेक भारतेतिहासोपयोगी ग्रंथभी निर्माण कर उदारता का सुपरिचय दिया है। जैन इतिहास धार्मिक सामाजिक और राष्ट्रीय प्रवृति आदि विविध द्रष्टियों से महत्व पूर्ण है। भारतीय प्राचीन राजवंशों का जितना इतिवृत जैन इतिहास में पाया जाता है उतना अन्यत्र नहीं। भारत का इतिहास तब तक अपूर्ण रहेता हे के जब तक प्रत्येक बड़े बड़े—महत्व पूर्ण नगरों की तवारीख प्रकाशित न की जाय- इसी महान् कर्मो का ख्याल रखलेना चाहिये, हमने पालणपुर,[2] बालापुर[3] और पाटन[3] आदि नगरों का इतिहास प्रकाशित कराया है और यह प्रयन्न उपरोक्त कमौ को बहुत कुछ पूरा करता है।

यह तो एक विश्वका अच्ल नियम है कि कोइ भी वस्तु के पीछे कुछ न कुछ इतिवृत आवश्य रहा करता हैं। इसी भ्रांति ग्वालियर के गर्भ में भी विस्तृत महत्व पूर्ण इतिहास पाया जाता है। यों तो ऊक्त नगर विष्यक भिन्न भिन्न लेखको द्वारा बहुत कुछ लिखा जा चुका है पर उन लेखकों ने जैन इतिहास का उपयोग नहीं किया, कारन यही ज्ञात होता है कि उन लोगों को तद्विषयक साधन प्राप्त न हुए होंगे।

ग्वालियर की स्थापना कब की गइ थी यह ठीक रुपसे कहना कठिन ही नही असाध्य है। दुर्ग[4] ग्वालीय नामक महात्मा के शुभाबिधान से राजा सूर्यसेनने बनवाया था क्यों कि उक्त महात्माने राजा का कष्ट दूर किया था। अतः राजाने कृतज्ञता प्रदर्शित करने के लिये, किला बनाया था। बहुत से इतिहासज्ञोंका कथन है, यह दुर्ग इस्वी सन्‌से ३१०१ वर्ष पूर्वं बना हुआ है। पर यह कथन अनुचित प्रतीत होता है। उपरोक्त कथन की पुष्टि में विश्वासनीय प्रमाण नही मिलते। कतिपय विद्वानों का अभि मत है कि यह दुर्ग इस्वी सन् ३ शताब्दी में बना है। यह दुर्ग भारत के सुदृढ़ दुर्गों में से ऐक है।

(१) देखिये फार्बस त्रैमासिक ( बम्बई ) वर्ष ६ अंक ३ में मेरा निबन्ध।
(द) देखिये श्री जैन सत्य प्रकाश वः ६ अंक १, २, ३, ४ में मेरा निबन्ध।
(३) यह ईतिहास का लेखन कार्य करीब करीब पूर्ण होने आया है।
(४) दुर्गो वप्रः—दुःखेन गम्यते इति दुर्गः

**अपूर्ण.**

# जैन समाज की
# स्थिति और कर्तव्य.

लेखक : आर्य जैन मुनि सुखलाल (स्थानकवासी)

हमारे पूर्वाचार्यो एवं पूर्वजोंने समाज की आध्यात्मिक, नैतिक तथा व्यवहारिक अन्नतिके लिये जिन उपयोगी नियमों का निर्माण किया था, उनमे हमारी *अज्ञानता एवं दुर्लक्ष्यतावश* ऐसे २ दुर्गुणों का प्रवेश हो गया है कि जिन से सारा समाज और सारी जाति अशिक्षा की शिकार हो कर, तथा निन्दनीय रूढ़ियों के पाश में फँस कर घोर दुख के गर्त में जा पडी है।

यह व्यौपारिक–समाज हो कर के भी किस प्रकार आर्थिक कष्ट से ग्रसित है कि इसके होनहार-नवयुवक दस दस और बारह बारह रुपये मासिक वेतन के पीछे अपना अमूल्य समय और शक्ति खो रहे हैं। कहाँ पूर्व का आध्यात्मिक ज्ञान और नीति पूर्ण व्यवहारिक जीवन ! और कहा आज का वर्तमान का विद्या से वंचित और ढकोसलों तथा कायरता से परिपूर्ण जीवन ! ! कहा पूर्व की मंगलमय शान्ति और कहां आज की फूट और द्वेष से परिपूर्ण क्लेशमयी अवस्था ! ! !

कहां तो वह सुख–संपत्तिसंपन्न धन–धान्य से परिपूर्ण, और नियम आदि युक्त कल्याणमय जीवन, और कहां आज की अनेक नाशकारी दुष्प्रवृत्तियों के दल-दल में फँसी हुई कारुणिक अवस्था !

पाठको ! दशा ऐसी हीन हो गई है कि यदि इस बीसमी शताब्दि के उन्नति के युग में भी समाज ने अपनी दशा की और ध्यान नहीं दिया तो यह ध्रुव सत्य है कि इसका नाम केवल इतिहास के पृष्ठों पर ही रह जायगा। जो भी हो समाज की निद्रा-भंग अवश्य हुई है, तथापि उन्नति के क्षेत्रमें जैसा चाहिये वैसा भाग नहीं लिया है। और इसी लिए आज इसकी गणना पिछड़ी हुइ जातियों में की जाती है।

संसार की जातियों के स्वत्वों की रक्षा के सम्बन्ध में जहाँ विचार-विमर्श होता है वहां इस जाति के प्रति कितना, और कैसा ध्यान दिया जाता है, इस विषय पर यदि विचार किया जाय तो पता चलेगा कि समाज कितनी नगण्य और नष्ट-प्राय: अवस्था को पहुँच चुकी है। इससे अन्य समाजों का कितना ऊंचा स्थान है और इसका स्थान कितना पिछड़ा हुवा है, इसका कारण

केवल शिक्षा का अभाव और कुरूढ़ियों का परिपालन ही है। यदि वर्तमान की चालू कुरूढ़ियाँ और खर्चीले रस्म रिवाजों को नष्ट कर दिये जांय और ऊसके बदले सुशिक्षा का प्रचार किया जाय तो समाज बड़ी हरी भरी और आदर्श हो जायेगी व आनन्द में अपना कालक्षेप करती हुई संसार के सम्मुख भगवान् महावीर के गूढ़ और सत्य सिध्धान्तों को प्रदर्शित करने में शक्तिशाली हो जायगी।

यदि समाज के शरीर में प्रविष्ट दुर्गुणों का वर्णन किया जाय और साथ में इसके अभ्युदयार्थ सम्यक् उपाय बताये जांय तो एक बड़ा भारी ग्रन्थ तैयार हो सकता है किन्तु यहां पर न तो इतना समय ही है और न इतना स्थान ही। इसलिए मोटी २ बातों को लेकर ही पाठकों के सम्मुख उपस्थित होते हैं।

इस लिये पाठकों को चाहिए कि वे इस पर बिचार करे और समाज की उन्नति में योग दे।

समाज दिव्य नन्दन कानन के रूप में जनता को आनन्द प्रदान करती थी वही कुरूढ़ियाँ रूपी चिनगारियों द्वारा जल कर दग्ध दावारण्य के रूप में परिणत हो गई है। आइये पाठकगण! उन्हीं चिनगारियों में से एक का स्वरूप अवलोकन करे। अपूर्ण.

---

# પ્રશ્નોત્તરો.

## આત્માનંદ પ્રકાશમાં શ્રુત જ્ઞાનનો લેખ વાંચતાં ઉદ્ભવેલા પ્રશ્નો.

પ્રશ્નકાર **ઝવેરચંદ છગનલાલ સુરવાડાવાલા.**

ઉત્તરદાતા—**પન્યાસજી શ્રીધર્મવિજયજી ગણિ મહારાજ.**

**પ્રશ્ન ૧**–અંતર્મુહૂર્ત્ત કાળનું પ્રમાણ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કેટલું જાણવું? અને તેના કેટલા પ્રકારો છે?

જવાબ—અંતર્મુહૂર્ત્ત કાળનું પ્રમાણ જઘન્યથી ૯ સમય અને ઉત્કૃષ્ટથી બે ઘડી (૪૮ મિનિટ)માં એક સમય ઓછો જાણવું. અંતર્મુહૂર્ત્તના અસંખ્ય પ્રકારો છે. ૯ સમયનું અંતર્મુહૂર્ત્ત, ૧૦ સમયનું અંતર્મુ, ૧૧ સમયનું અંતર્મુ, એમ યાવત્ બે ઘડીમાં એક સમય ઓછો હોય ત્યાં સુધીનું અંતર્મુહૂર્ત્ત ગણાય. નિમેષ (આંખ બંધ કરીને ઉઘાડીયે તેટલા સમય) માત્રમાં અસંખ્યાતા સમય અને અનેક અંતર્મુહૂર્ત્તો થાય છે.

**પ્રશ્ન ૨**–યથાપ્રવૃત્તિકરણ કેટલા કાળ પ્રમાણનું જાણવું?

જવાબ-યથાપ્રવૃત્તિ કરણનો કાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે.

પ્રશ્ન ૩-ઉપશમ સમકિત પામનારો આત્મા યથાપ્રવૃત્તિકરણની શરૂઆતથી અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, ફરી ઉપશમ સમકિત પામી, તે પૂર્ણ થતા સુધીમાં કુલ કેટલો કાળ ભોગવે છે?

જવાબ-યથાપ્રવૃત્તિ, અપૂર્વ, અનિવૃત્તિ, અને ઉપશમ સમકિત એ દરેકનો જુદોજુદો કાળ પણ અંતર્મુહૂર્ત્ત જેટલો છે. અને દરેકનો કાળ ભેગો કરવામાં આવે તો પણ અંતર્મુહૂર્ત્ત થાય છે, પરંતુ તે અંતર્મુહૂર્ત્તનું પ્રમાણ દરેકના અંતર્મુહૂર્ત્ત કરતાં મોટું સમજવું.

પ્રશ્ન ૪-આત્માનંદ પ્ર. પુ. ૩૭ અંક છઠ્ઠાના પાન ૧૫૪માં શ્રુતજ્ઞાનના લેખમાં બતાવ્યું છે કે 'અનિવૃત્તિકરણના અંતર્મુહૂર્ત્ત જેટલા કાળમાંથી સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અંતરકરણ કરે છે, તેમાં આત્મા દાખલ થાય ત્યારે ઉપશમ સમકિત પ્રાપ્ત થયું. જ્યારે અંક ૭ માના પાન ૧૯૦ની હકીકત વાંચતાં સમજાય છે કે 'અનિવૃત્તિકરણના છેલ્લા સમય સુધી આત્મા મિથ્યાદૃષ્ટિ છે, આમ બન્ને સ્થળની હકીકત વાંચતાં ભિન્ન ભિન્ન વસ્તુ સમજાય છે. તો વાસ્તવિક શું સમજવું?

જવાબ-અંતરકરણ ક્રિયાકાળ અને અંતરકરણ ભોગ્યકાળ એ બન્ને જુદી જુદી અવસ્થાઓ છે. અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ શેષ રહે ત્યારે આત્મા અંતરકરણ કરે છે. એટલે ભવિષ્યમાં પોતાને જે ઉપશમ સમકિત પ્રાપ્ત થનાર છે, તેના માટે અંતરકરણ કરવાની ક્રિયા શરૂ કરે છે. (મિથ્યાત્વના દલિકો જે સંલગ્ન એક સરખી સ્થિતિવાલા હતા તેમાંથી અંતર્મુહૂર્ત્ત સુધી કોઇ પણ દલિકો ઉદયમાં ન આવી શકે તે પ્રમાણે તેને આગળ પાછળ પ્રક્ષેપવાની ક્રિયા કરવી તે) આને અંતરકરણ ક્રિયા કાળ કહેવાય, અને તે અંતરકરણ ક્રિયાકાળમાં આત્મા મિથ્યાદૃષ્ટિ હોય, પરંતુ તે અંતરકરણને ભોગવવાનો કાળ તો અનિવૃત્તિકરણ પૂર્ણ થયા પછીજ પ્રારંભાય છે, અર્થાત્ અંતરકરણ ક્રિયાવડે અંતર એટલે મિથ્યાત્વના દલિકોથી વિરહીત અંતર્મુહૂર્ત્ત જેટલો ખાલી વિભાગ કરેલ છે તે અંતરકરણ ભોગ્યકાળ કહેવાય, અને તે અંતરકરણ ભોગ્ય કાળમાં વર્ત્તતો આત્મા સમકિતવંતજ ગણાય, આમ અંતરકરણ ક્રિયાકાળ અને અંતરકરણ ભોગ્ય કાળ એ બન્ને કાળ જુદા જુદા ધ્યાનમાં લેવાય તો પ્રશ્નને અવકાશ નહીં રહે.

પ્રશ્ન ૫-ઉપશમ સમકિતમાં અનંતાનુબંધીની ચોકડી અને ત્રણ દર્શન મોહનીય એ સાતે પ્રકૃતિનો વિપાકોદય અને પ્રદેશોદય હોતો નથી. પરંતુ તે વખતે તેનો બંધ હોઇ શકે કે નહીં?

જવાબ—ઉપશમમાં એ સાતે પ્રકૃતિનો જેમ ઉદય ન હોય તેમ બંધ પણ એકેનો ન હોય.

# ગ્રંથાવળીની યોજના.....

૧ નામ-"શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સાહિત્ય પ્રચારક અને પ્રકાશન કાર્યાલય.

૨ ઉદ્દેષ-આ સંસ્થા મારફત શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના માનનીય પૂર્વાચાર્યોની કૃતિના ક્રિયાકાંડના અને ઉપદેશક અમૂલ્ય ગ્રંથો, આધુનિક સૈલીએ વિદ્વાન લેખકોની કસાયેલી અને આકર્ષક વિદ્વતાભરી કલમે લખાયેલા ધાર્મિક ગ્રંથો, જૈન જગતની સમીપ જૈન જનતા રહી શકે તે માટે જૈન સમાજના તાજા સમાચારોથી ભરચક અખબારો આદિનું પ્રકાશન કરી તેનો સસ્તી રીતે બહોળા પ્રમાણુમાં પ્રચાર કરવાનો રહેશે.

૩ સરાય-આ સંસ્થામાં નીચેની રીતે ભિન્ન ભિન્ન પ્રકારે કોઈ પણ સંઘ, સંસ્થા, ઉપાશ્રય કે વ્યક્તિ સ્મુચ્ચિત રીતે કે છુટક સહાય કરી જ્ઞાન વિકાશનું પૂન્ય ઉપાર્જન કરી શકશે.

૧ કોઇપણુ સંઘ, સંસ્થા, ઉપાશ્રય કે વ્યક્તિ એકી સાથે રૂ. ૨૫૦૧) સંસ્થાને આપશે, તો તેઓના નામની ઇલાયદિ ગ્રંથમાળા શરૂ કરી, પ્રતિવર્ષે એક પુસ્તક ગ્રંથમાળાના મણુકા તરીકે મદદ કર્તાની ઇચ્છા મુજબ કોઈ પણુ વ્યક્તિનું જીવન ચરિત્ર અને ફોટો મુકી સંસ્થા તરફથી બહાર પાડીને, લાગત કીમ્મતથી બહોળા પ્રચાર માટે વેચાણુ તરીકે જાહેરમાં મુકવામાં આવશે.

૨ કોઇપણુ સંઘ, સંસ્થા, ઉપાશ્રય કે વ્યક્તિ સંપૂર્ણુ કે છુટક સહાય આપીને કોઈપણુ પુસ્તક પ્રકાશન કરાવવા સંસ્થા મારફત ઈચ્છિતા હશે તો તેઓને તેમ કરી આપવામાં આવશે. પરંતુ તે પુસ્તક મૂળ ગ્રંથાવળીના ગ્રંથાક તરીકે બહાર પાડવામાં આવશે, અને તે પણુ સસ્તા સાહિત્યની યોજના મુજબ લાગત કીમ્મતથી વિશાળ ફેલાવા માટે વેચાણુ તરીકે જાહેરમાં મુકવામાં આવશે.

૩ આ સંસ્થાને સહાય તરીકે કોઇપણુ એકી સાથે રૂ. ૨૫૧) આપી સંસ્થાના જીવન પર્યંતના પેટ્રન થઈ શકશે. જેઓને સંસ્થા તરફથી પ્રકાશન થતું તમામ સાહિત્યની એકેક નકલ ભેટ તરીકે આપવા, ઉપરાંત સંસ્થા તરફની મૂળ ગ્રંથાવળીના કોઇ ગ્રથાંકની ૨૫૦ નકલોમાં તેઓશ્રીનો ફોટો આપવામાં આવશે.

૪ આ સંસ્થાને સહાય તરીકે કોઇ પણુ એકી સાથે રૂ ૧૫૧) આપી સંસ્થાના જીવન પર્યંતના (લાઇફ) મેમ્બર થઇ શકાશે. જેઓને સંસ્થા તરફથી પ્રકાશન થતું અખબાર અને રૂ. ૦-૮-૦ સુધિની કીમ્મતના પુસ્તકોની એકેક નકલ ભેટ આપવામાં આવશે.

૫ આ સંસ્થાને સહાયક તરીકે કોઇ પણ એકી સાથે રૂ. ૧૦૧) આપી આજીવન સભ્ય થઇ શકાશે. જેઓને સંસ્થા તરફથી પ્રકાશન થતું અખબાર અને અખબારના અંગે ભેટ અપાતા હરેક પુસ્તકોની એકેક નકલ ભેટ આપવામાં આવશે.

૬ આ સંસ્થામાં એકી સાથે રૂ. ૫૧) આપી કોઈ પણ વ્યક્તિ અને રૂ. ૩૧) આપી કોઇ પણ સંસ્થા, ઉપાશ્રય, લાયબ્રેરી કે સંઘ પોતાનુ નામ રજીસ્ટર કરાવી શકશે. જેઓને સંસ્થા તરફથી પ્રકાશન થતાં હરેક સાહિત્યની એકેક નકલ મૂળ કીમ્મતમાંથી ૨૫ ટકા કમીશન કાપી આપવામાં આવશે. સદર રકમ રજીસ્ટર ફ્રી તરીકેની હોવાથી ભરનાર પાછી માગી શકશે નહિ.

૭ આ સંસ્થાને એકી સાથે રૂ. ૧૧) આપી કોઇપણ વાર્ષિક સભ્ય થઇ શકશે. જેઓને સંસ્થા તરફથી તેજ સાલમાં પ્રકાશન થયેલા તમામ સાહિત્યની એકેક નકલ ભેટ આપવામાં આવશે.

૪ પ્રકાશન કેટલુ?—પ્રતિ વર્ષે સંસ્થા તરફથી ઓછામાં ઓછુ એક અઠવાડિક અખબાર અને રોયલ ૧૬ પેજીના ૧૨૦૦ પાનાનું રસિક, ઉપયોગી, ઈતિહાસિક અને ધાર્મિક સાહિત્યનું પ્રકાશન કરી, પેટ્રન, સંસ્થાના જીવન પર્યંતના સભ્ય, આજીવન સભ્ય અને વાર્ષિક મેમ્બરને પુરૂ પાડવામાં આવશે.

**નોટ**—ઉપરોક્ત યોજના મુજબ ઓછામાં ઓછા પેટ્રન, સંસ્થાના જીવન પર્યંતના અને આજીવન સભ્યો મળી પચાસેક ઉપરાંત સભ્યો અમારા ચોપડે નોંધાયાથી અમો અઠવાડિક અને ગ્રંથમાળાની યોજનાને અમલમાં મૂકી તેનું પ્રકાશન શરૂ કરી જનતાના ચરણોમાં હાજર થઇશું. "તંત્રી"

---

# ઉપધાનનો ફાલ

**रतलाम.** આચાર્ય શ્રીવિજયક્ષમાભદ્રસુરીજીના સદુપદેશથી શ્રી શ્વે–મૂર્તિ-સંઘ તરફથી ઉપધાન તપની આરાધના કરાવવાનું મુકરર કરી, આસો વદિ ૭ અને આસો વદિ ૧૧ એમ બે મુહૂર્તોએ નાણ માંડી પ્રવેશ કરાવેલ છે.

**जुना डीसा.** પંન્યાસ શ્રીચરણવિજયજીના ઉપદેશથી રાકાણી ન્યાલચંદ છગનલાલ તરફથી ઉપધાન તપની આરાધના કરાવવાનું નિર્ણીત કરી, કાર્તિક સુદિ ૩ ગુરૂવાર અને કાર્તિક સુદિ ૮ સોમવાર એમ બે મુહૂર્તોએ નાણ માંડી પ્રવેશ કરાવેલ છે.

**कालंद्री.** પન્યાસ શ્રીરંગવિમળજીની છત્રછાયા નીચે શ્રી શ્વે–મૂર્તિ–સંઘ

તરફથી ઉપધાન તપની આરાધના કરાવવાનું નક્કી કરી કાર્તિક વદિ ૬ અને કાર્તિક વદિ ૯ એમ બે મુહૂર્તો એ નાણુ માંડી પ્રવેશ કરાવેલ છે.

**અમદાવાદ.** મુનિ શ્રીમનકવિજયજીના નેત્રત્વ નીચે શાહપુર મંગળ પારેખના ખાંચાના ઉપાશ્રયની પેઢી મારફત ઉપધાન તપની આરાધના કરાવવામાં આવશે. જેના મુહૂર્તો માગશર સુદિ ૧૫ અને માગશર વદિ ૨ રાખવામાં આવેલ છે.

**અંધેરી.** આચાર્ય શ્રીરામચંદ્રસૂરીજીના અધ્યક્ષતા નીચે શેઠ માણેકલાલ ચુનીલાલ નથુભાઇ તરફથી અંધેરીમાં કરમચંદ હોલ પાસે પોતાના બંધાવેલા મંડપમાં ઉપધાન તપની આરાધના કરાવવાનો નિશ્ચય કરી પ્રવેશના મુહૂર્તો માગશર સુદિ ૯ ગુરૂવાર અને માગશર સુદિ ૧૩ સોમવારના રાખવામાં આવેલ છે.

---

## વર્તમાન-સમાચાર.

**અમદાવાદ** આસો વદ ૧૪ ના રોજ પાંજળાપોળના ઉપાશ્રયે મુનિરાજ ચંદ્રોદયસાગરજી મહારાજે " શ્રી વિર પ્રભુની અંતીમ દેશના " ઉપર વાંચેલા વ્યાખ્યાનમાં શહેરનાં અગ્રગણ્ય શ્રેષ્ઠીઓએ લાભ લીધેલો, ને ઉપાશ્રયનો હોલ વિશાળ હોવા છતા કેટલાક લોકોને પગથીઆમાં ઉભા રહેવું પડતું હતું. અને કેટલાકોને સ્થાનના અભાવે નિરાશ વદને પાછા ફરવું પડયું હતું. આ વખતે એક વ્યક્તી તરફથી લાડવાની પ્રભાવના કરવામાં આવી હતી. તેમાં આશ્ચર્યતા એ હતી કે દિવાળી પ્રવૃતિમય પર્વ હોવા છતા પણ ઉપાશ્રયે શ્રોતાજનોની મેદની વધુ પ્રમાણમાં હતી. અને વ્યાખ્યાનની સમાપ્તી સાડા અગીયાર વાગ્યા પછી થએલ હતી. આ પર્વ નિમિત્તે થતી કેટલીક મિથ્યા પ્રવૃતિઓનો પણ ત્યાગ ઘણા લોકોએ કર્યો હતો. જેના પરિણામે છઠ્ઠ અઠ્ઠમાદિ તપશ્ચર્યા અને પાૈષધાદિ સારા પ્રમાણમાં થયા હતા. દિવાળી (આસો વદ અમાસ)ના રોજ પ્રભુ મહાવીર નિર્વાણ કલ્યાણક હોવાથી તેજ દિવસ સવારના સાડા નવ વાગે પાંજરાપોળના ઉપાશ્રયથી કલ્યાણકનો વરઘોડો ચઢયો હતો. જેમાં શહેરના પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી, વળી વિશિષ્ટતા એ હતી કે દરેક કલ્યાણકના વરઘોડા કરતા આજના વરઘોડામાં પૂજ્ય આચાર્ય અને મુનિરાજોની ઘણા મોટા પ્રમાણમાં હાજરી હતી.

કારતક સુદ ૩ ને ગુરૂવારે ઝાંપડાની પોળના પ્રતિષ્ઠિત ગૃહસ્થોની અતિ આગ્રહ ભરેલી વિનંતીથી મુનિરાજ શ્રી ચંદ્રોદયસાગરજી પાંજરાપોળના ઉપા-

શ્રયેથી ઝાંપડાની પોળમાં પધાર્યા હતા. તે વખતે તે પોળને ધ્વજાપતાકાથી શણગારવામાં આવી હતી. ત્યાં તેઓશ્રીએ "માનવ જીવનમાં ધર્મની ઉપયોગિતા" ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. જે સાડા આઠથી સરૂ થઈ સાડા અગીયારે સમાપ્ત થયું હતું. તે વખતે શહેરના પ્રતિષ્ઠિત આગેવાનો દૂર દૂરની પોળમાંથી સારા પ્રમાણમાં આવ્યા હતાં. આ વખતે ઝાંપડાની પોળના વિશાળ ચોકઠામાં અઢીથી ત્રણ હજાર માણસોની મેદની જામી હતી. વ્યાખ્યાનની સમાપ્તી બાદ શ્રીયુત શેઠ મોહનલાલ છોટાલાલભાઇ તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

પૂજ્ય મહારાજજીના વ્યાખ્યાનથી આકર્ષાઇ તેજ પોળના રહીશ શેઠશ્રી ઉમેદચંદ વીરચંદને વ્યાખ્યાન વંચાવવાની ઉમેદ જાગતાં. મહારાજજીને પુનઃ વિનંતી કરી જે સ્વીકારવાથી બીજે દિવસે આશરે અઢી હજારની મેદની વચ્ચે વ્યાખ્યાન આપ્યું. અંતમાં લાડવાની પ્રભાવના થઇ હતી.

પૂ. પાદ્પાઠકપ્રવર શ્રીક્ષમાસાગરજી મ. સાના સ્વર્ગારોહણ નિમિત્તે શ્રીમુલેવા પાર્શ્વનાથજીના દહેરાસરે કાર્તિક સુદ છઠથી અષ્ટાહનીકા મહોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો. તે નિમિત્તે પોળ ધ્વજાઓથી શણગારવામાં આવી હતી.

**अमदावाद.** ડહેલાના ઉપાશ્રયવાળા પં. શાન્તિવિજયજી મહારાજનાં ઉપદેશથી ભગુભાઇના વંડે થયેલા ઉપધાનની માળનો વરઘોડો માગસર સુદિ ૫ના ઘણાજ આડંબરપૂર્વક ચઢાવી, ઉપધાનની માળાપરિધાન કરવાનુ મુહૂર્ત માગસર સુદિ ૬ નું રાખવામાં આવેલ છે.

**बीयावर.** ઉપાધ્યાય શ્રીદ્યાવિજયજી મહારાજના સદુપદેશથી થયેલા ઉપધાનની માળનો વરઘોડો માગસર સુદિ ૪ ના ઠાઠમાઠથી ચઢાવી, ઉપધાન તપની માળાપરિધાન કરવાનું મુહૂર્ત માગસર સુદિ ૫ નું રાખવામાં આવેલ છે.

**तखतगढ.** આચાર્ય શ્રીવિજયહર્ષસુરીજી મહારાજ આદિ મહર્ષિ ગણને શાહ કસ્તુરચંદ વનાજી તરફથી ધર્મશાળામાં આગ્રહભરી વિજ્ઞપ્તિથી બેન્ડ સાથે લઇ જવામાં આવ્યા હતાં. જ્યાં વ્યાખ્યાન વંચાયા બાદ જવાનજી કસ્તુરચંદ તરફથી પ્રભાવના કરવામાં આવી હતી જ્યાં અત્યંત આગ્રહ હોવાથી અઠવાડીયુ રોકાયા હતાં. સુમેરપુરની બોર્ડીંગના વિદ્યાર્થીઓ વંદન અર્થે આવેલ તેને રૂ. ૫૦) સંઘવી રામજી પરખાજી તરફથી ભેટ આપવામાં આવ્યા હતાં, વળી નવપદની ઓળી એક વ્યક્તિ તરફથી કરાવવામાં આવી હતી. તેમજ તે નિમિત્તે અષ્ટાહનીકા મહોત્સવ પણ તેજ ગૃહસ્થ તરફથી કરવામાં આવ્યો હતો. અને શ્રીપાલચરિત્ર તથા રામાયણ મુનિ શ્રી રામવિજયજીએ ઘણીજ છટાદાર સૈલીથી સભારંજન થાય તેવી રીતે વાંચ્યું હતું.

મુદ્રકઃ-**હીરાલાલ દેવચંદ શાહ.** "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે-**અમદાવાદ**
પ્રકાશકઃ-**ભોગીલાલ સાંકળચંદ શેઠ.** **"જૈનધર્મ વિકાસ"** ઓફિસ જૈનાચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજી વાંચનાલય. ૫૬/૧ ગાંધીરોડ-**અમદાવાદ.**

## વાંચકોને !

માસિકના નમુનાનો અંક આપને મોકલવામાં આવે છે. આપશ્રીને અવલોકન કરતાં જો એ સંતોષ આપવામાં સફળ નીવડે તો આશા છે કે, વાર્ષિક લવાજમ સ્થાનિકના રૂા. ૨-૦-૦ અને બહારગામના (પોસ્ટેજ સાથે) રૂા. ૨-૬-૦ મોકલી આપશ્રી માસિકના ગ્રાહક તરીકે નામ નોંધાવશો.

લવાજમ મોડામાં મોડા આવતી સુદિ ૧ સુધી મોકલી આપશો. કે જેથી વી. પી. થી મોકલતાં વધુ ખર્ચ ન થાય, છતાં જણાવશો તો વી. પી. કરવામાં આવશે.

ગામ પરગામ વિચરતા પૂજ્ય મુનિવરો માસિકનો પ્રચાર કરી, નવા વાંચનરસિક ગ્રાહકો નોંધાવી, માસિકને પ્રોત્સાહન આપશો, એવી અમે આશા રાખીએ છીએ.

કોઇ પણ સામાજીક સંસ્થાઓ કે પૂજ્ય મુનિગણને અમો, મફત કે ઓછા દરથી માસિક આપી શકીએ તેમ નથી, એ સૂચન થાય.

નમુનાની નકલ મંગાવવાથી મોકલી આપવામાં આવશે. "તંત્રી"

---

## ગ્રાહકોને ખાસ લાભ

દર માસની વદિ પંચમીએ નિયમિત પૃ. ૩૨ નું વાંચન. વાર્ષિક લવાજમ સ્થાનિકના રૂા. ૨-૦-૦ અને બહારગામના રૂા. ૨-૬-૦ (પોસ્ટેજ સાથે)થી પુરૂ પાડવા, ઉપરાંત આકર્ષક પુસ્તકો ભેટ આપવામાં આવશે

માસિકના નવા થનાર ગ્રાહકને લવાજમ મોકલી આપવાથી (૧) આચાર્યશ્રી-વિજયનીતિસૂરીશ્વરજી મહારાજનું જીવન ચરિત્ર (સંસ્કૃત) ક્રાઉન સોળ પેજી, પાકુ પુઠું પૃ. ૪૭૬ અગર પ્રશ્નોત્તર રત્નમાળા (હીંદિ-ગુજરાતી) ક્રાઉન સોળ પેજી, પૃ. ૧૯૦ એ બેમાંથી જે કોઇ એકની પસંદગી કરી ગ્રાહક જણાવશે તે, ઉપરાંત શ્રીયશોવિજય જૈન પુસ્તકાલય, રાધનપુર તરફથી, (૨) રથયાત્રા મહોત્સવ. (૩) ચોવીસ જીનકલ્યાણક, (૪) સ્તવનાવલી, મળી એકંદર ચાર પુસ્તકો ભેટ આપવામાં આવશે.

"તંત્રી"

---


# તપાગચ્છ પટ્ટાવલી

## સાહિત્યરસિક જનતાને ખાસ તક

### ઉપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજી વિરચિત—

**તપાગચ્છ પટ્ટાવલી:**—સંપાદક, પં૦ શ્રી કલ્યાણવિજયજી મહારાજ. છપાઈને તૈયાર થઇ પ્રસિદ્ધ થઈ ચુકેલ છે, આ ગ્રંથમાં પ્રભુશ્રી મહાવીરદેવની પાટપરંપરાએ થયેલા આચાર્યાદિ સાથે શાસનપ્રસિદ્ધ અન્ય મહાપુરૂષોનું ઐતિહાસિક દ્રષ્ટીએ ઉપયોગી સાહિત્ય આપવામાં આવ્યું છે.

ક્રાઉન આઠ પેજી ૩૫૦ પૃષ્ઠના, શોભિત ફોટાઓ, અને પાકુ પુંઠુ (જેકેટ) સાથેના આ ગ્રંથનું મુલ્ય માત્ર રૂા. ૧-૮-૦. પોસ્ટેજ જુદું

લખો—**જૈન ધર્મ વિકાસ ઓફિસ**, ૫૬૧ ગાંધી રોડ, **અમદાવાદ.**

## જાહેર ખબર આપનારાઓને

જૈન સમાજને ગામડે ગામડે આ નવા માસિકનો પ્રચાર થશે, અને એથી જાહેર ખબર આપનારાઓ પોતાના પ્રચારનો સંદેશ દૂર દૂર પહોંચાડી શકશે.

માસિક નિયમિત પ્રગટ થતુ હોવાથી જાહેર ખબર આપનારાઓને આ તકનો લાભ લેવા આમંત્રણ આપીએ છીએ, ભાવ નીચે મુજબ.

| પૃષ્ઠ | બારમાસ | નવમાસ | છમાસ | ત્રણમાસ | એકમાસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૦ | ૩૨ | ૨૪ | ૧૪ | ૬ |
| ૦॥ | ૨૫ | ૨૦ | ૧૫ | ૯ | ૪ |
| ૦। | ૧૫ | ૧૨॥ | ૧૦ | ૭॥ | ૨॥ |

એક વખત ટુંકી જાહેરાતના કોલમની બે લાઈન યા તેના ભાગનો રૂા. ૧)

અંક સાથે છપાવેલ તૈયાર હેન્ડબીલની માત્ર વહેંચામણીના એક વખતના રૂા. ૧૫)

અંક સાથે છપાવેલા તૈયાર દરેક તોલા અઢી યા તે વજનના કોઈ પણ ભાગના સૂચિપત્રની માત્ર વહેંચામણીના એક વખતના રૂા. ૩૦)

સરતો—(૧) નાણા અગાઉથી લેવામાં આવશે. (૨) જાહેર ખબર લેવી યા ન લેવી એ તંત્રીની મરજી ઉપર રહેશે. (૩) જાહેરાત પાછી મોકલાશે નહિ.

વધુ ખુલાસા માટે પત્રવ્યવહાર યા પુછપરછ નીચેના શરનામે કરો.

**"જૈન ધર્મ વિકાસ" ઓફિસ** ૫૯/૧ ગાંધીરોડ, અમદાવાદ.

---

## ફક્ત સાધુ સાધ્વીઓ માટેજ

મનીઓરડરથી વાર્ષિક લવાજમના રૂા. ૩–૦–૦ મોકલી થનારા ગ્રાહકોને, નીચેના ચાર પુસ્તકો ઉપરાંત લવારની પોળવાળા **પોપટ બ્હેન** તરફથી "તપાગચ્છ પટ્ટાવળી" ક્રાઉન આઠ પેજી પાકું પુઠું (જેકેટ સાથે) પૃષ્ઠ ૩૫૦નું ભેટ મોકલવામાં આવશે. વી.પી. થશે નહિ. **'તંત્રી'**

---

ભેટ ! **જૈનતત્ત્વસારગ્રંથટીકા** ભેટ ! !

આ ગ્રંથ શ્રી વર્ધમાન સત્ય નીતિ હર્ષસૂરિ ગ્રંથમાલા તરફથી પ્રકાશિત થએલ છે. સંસ્કૃતના અભ્યાસી સાધુ સાધ્વી તથા જૈન ભંડારોને ભેટ આપવાનો છે. મંગાવનારે નીચેના સરનામે પત્ર લખવો:—

૧ **શેઠ રતીલાલ વાડીલાલ**
ઠે. સેન્ડ્રહર્સ્ટ રોડ, બનજી નિવાસ,
મુ. **મુંબાઈ.**

૨ **શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ**
ઠે. મરીન ડ્રાઇવ, ઇશ્વર નિવાસ,
પ્લોટ નં. ૭૩, **મુ. મુંબાઈ.**

૩ **શેઠ વરધીલાલ કચરાભાઇ**
ઠે. ભાની પોળ, મુ. **રાધનપુર.**

૪ **શેઠ કકલભાઈ નીહાલચંદ**
ઠે. ભણસાલી શેરી, મુ. **રાધનપુર.**

૫ **વીશાશ્રીમાલી તપગચ્છ જૈન સંઘ**
ઠે. મોહનવિજયજી જૈન પાઠશાલા, મુ **જામનગર.**

**તા. ક.**—જામનગરથી પુસ્તક મંગાવનારે પ્રતદીઠ પોસ્ટ ખર્ચને માટે આઠ આનાની પોસ્ટની ટીકીટો મોકલવી.

ટાઇટલ છાપનાર શારદા મુદ્રણાલય, જુમામસીદ સામે—અમદાવાદ.